

# અધ્યાત્મ

વર્ષ : ૧૪ જાન્યુઆરી—૧૯૯૩ અંક : ૪

Summit

## * ઈશ્વરની કૃપા માટે સર્વસમર્પણ જરૂરી *

ઈશ્વરના સાકાર સ્વરૂપમાં રસ હોવો કે ના હોવો તે સાધકની ઈચ્છાની વાત છે. તે માટે કોઈ બળજબરી કરવાની જરૂર નથી. ભક્ત કવિ દયારામે ગાયું છે કે વ્યાપકની સાથે વાતો કરી શકાતી નથી. તેથી જીવ અકળાય કે ના અકળાય તેનો આધાર સાધકના સ્વભાવ પર રહે છે, માટે કોઈ ખોટો આગ્રહ કરવાની જરૂર નથી. પરંતુ એક વાત તો નક્કી છે કે સાધકે ઈશ્વરના ચરણે પોતાનું સર્વ કાંઈ ધરી દેવું જોઈએ, ઈશ્વરના માટે સર્વસ્વનો ત્યાગ કરવો જોઈએ. ઈશ્વરના ગમે તે સ્વરૂપને તે માને, તે તેની ઈચ્છાની વાત છે. પરંતુ ઈશ્વરને માટે તેણે ફકીર બનવું જોઈએ. ઈશ્વરને મેળવવાનો ઉન્માદ તેના દિલમાં જાગી જવો જોઈએ. ઈશ્વરને મેળવવાની આ ગુરુકુંચી છે. ઈશ્વરને માટે જે જરૂરી ત્યાગ કરતાં ડરે કે અચકાય, તેને ઈશ્વરની પૂર્ણ કૃપાનો અનુભવ થઈ શકે નહિ. ઈશ્વરની સાથેની એકતાનો આનંદ પણ તે લૂંટી શકે નહિ.

ભગવાનના ચરણે તમારી ભાવના અને ભક્તિના ભંડારને ખાલી કરી દો. તમારા જીવનદાનનું સમર્પણ કરી દો. તમારી પ્રિયમાં પ્રિય વસ્તુનો ભગવાનને માટે ભોગ આપવો પડે તો પણ શોક કે વિલાપ કરો નહિ. ભગવાન જે વસ્તુની માગણી કરે તે વસ્તુ ગમે તેટલી કિંમતી હોય તો પણ તેમની સમજીને તેમને અર્પણ કરવા સદા તૈયાર રહો. એમ કરવાથી પરિણામે તમને આનંદ જ થશે, લાભ જ થશે. જે ભક્તો કે સાધકો આ વાતને ભૂલી જાય છે, તે ઈશ્વરની પૂર્ણકૃપાથી વંચિત રહી જાય છે. ઈશ્વરની કૃપાના રહસ્યને તે સમજી શકતા નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

¤ **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
¤ **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
¤ **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
¤ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
¤ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
¤ **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર-૧

### લેખકોને નિમંત્રણ

¤ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
¤ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

¤ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
¤ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
¤ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
¤ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
¤ 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
¤ દર મહિનાની તા.૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| અમૃત પળોનો આસ્વાદ-૪ | ગોરધનભાઈ કલોલા | ૧૪ |
| પરમ સંત ભાણ સાહેબ | કમલ સુથાર | ૨૩ |
| ગાંઠિયોલના એક સાચા સંત | નારાયણ હ. જાની | ૨૬ |
| મંત્રજપ લેખન પ્રવૃત્તિ | — | ૩૫ |
| યોગિનીકુમારી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૩૬ |
| ઉતાવળ નથી | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૪૬ |
| પૂ. માની મમતા | મમતા પી. ભાટીયા | ૪૭ |
| તરણા ઓથે ડુંગર રે! | ડૉ. લવકુમાર મ. દેસાઈ | ૫૦ |
| શ્રી રામકૃષ્ણ પરમહંસની બાળલીલાઓ | સ્વામી વ્યોમાનંદજી | ૫૩ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનીય *

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીમાં શ્રદ્ધાભક્તિ ધરાવતાં અમેરિકાનાં ભાઈબહેનોને, ટોરેન્ટો(કેનેડા)ના મહાત્મા યોગેશ્વર ધ્યાનની જેમ અધ્યાત્મ માસિકને મદદરૂપ થવાની ભાવના થઈ. તેઓની આ ભાવનાને પ. પૂ. મા-પ્રભુના પ્રેમી ભક્ત શ્રી વિનોદભાઈ પટેલ તેમ જ શ્રી ધનસુખલાલ એસ. ભક્તે દોરવણી આપી ખૂબ પ્રશસ્ય કામ કર્યું છે. એ રીતે અધ્યાત્મ માસિકના જાન્યુ. ૧૯૯૩ ના અંકના પ્રકાશનનો બધો જ ખર્ચ તેઓ તરફથી આપવામાં આવી રહ્યો છે. તે બદલ તેઓ સહુને ખરે જ અભિનંદન અને અંતરની શુભેચ્છાઓ.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ જાન્યુઆરી—૧૯૯૩ અંક : ૪

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૪-૨-૮૧, પોષ વદ અમાસ, ૨૦૩૭, બુધવાર

સ્થળ : મોરબી, 'શિવમ્', શક્તિ પ્લોટ.

નિયમ પ્રમાણે સાડા અગિયારે પૂ. શ્રી મુલાકાત આપે છે. આજે ૧૧ મા ધોરણમાં ભણતા વિદ્યાર્થીના પ્રશ્નોથી પ્રશ્નોત્તરીની શરૂઆત થઈ.

પ્રશ્નઃ—વિષ્ણુ ભગવાનનાં માતા પિતા કોણ?

પૂ. શ્રીઃ—જગતની ઉત્પત્તિ માટે માતા પિતા જોઈએ. પણ જે જગદીશ્વર છે તેને માતાપિતા ન જોઈએ. એમને જન્મ મરણ નથી. તેઓ કોઈના પણ આધાર વિના એમ જ પ્રગટે. જે જન્મે છે તે બધી પ્રકૃતિ છે. આદિ પણ નહી ને અંત પણ નહીં તે ભગવાન. અજ એટલે જન્મ નહીં તે. અવ્યય—નાશ નથી તે. નાશ



નથી તે ભૂતેશ્વર—ભૂતોના ઈશ્વર. ઈશ્વર તો સંકલ્પ માત્રથી સૃષ્ટિ કરે. જે સૌને રચે તેનો જન્મ જ નથી. તેને મા—બાપ જ નથી. ભગવાનનો જન્મ થતો નથી, છતાં ભગવાન પોતે જગતના પિતા અને માતા છેઃ ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ.

પણ જો ભગવાન અવતાર ધારણ કરવાનું ઇચ્છે તો એમની જ શક્તિથી પ્રગટ થાય, ને ઘણી વાર કોઈકનાં જપ—તપ ઉત્તમ હોય, તેને મા—બાપ તરીકે ભાગ્ય કે મહિમા આપવા માંગતા હોય તો પ્રભુ જન્મે પણ ખરા. એટલે અવતારનાં માતાપિતા થાય, ભગવાનનાં નહીં. ભગવાન રામરૂપે અવતાર લે તો કૌશલ્યા ને દશરથ માતાપિતા તરીકે આવે. ભગવાન કૃષ્ણરૂપે અવતાર લે તો નંદ યશોદા આવે અને કોઈનું પુણ્ય વધુ બળવાન હોય તો સીતા સાથે ફેરા પણ ફરવા પડે.

તમારે માતા પિતા છે?

હા.

શું કરે છે?

હેરડ્રેસરનું કામ કરે છે.

તો પછી તમે ભગવાન હો. તમને એમ થાય કે મોરબીમાં અવતાર ધારણ કરુ ને હેરડ્રેસર છે એમને જ માતાપિતા તરીકેનો મહિમા આપું તો એ રીતે બને.

મારું કામ પણ હેરડ્રેસરનું જ છે. માથામાં જે જે શંકાઓ થાય તે તેલ વિનાના વાળની જેમ ખૂંચ્યાં કરે. તો તેને નિર્મૂળ કરવાનુ જ મારું કામ.

(હસાહસ સાથે સૌ ભક્તો એ વાતને વધાવે છે.)

પ્રશ્નઃ—ધર્મ એટલે શું?

પૂ. શ્રીઃ–પરબ એટલે શું?

પૂછનારઃ–માર્ગમાં તરસ્યાં પ્રવાસીને પાણી પીવાનું સ્થળ.

પૂ. શ્રીઃ–ધર્મ પણ એવી જ પરબ છે. શાંતિની ઇચ્છાવાળાને શાંતિ મળે. ધૃ એટલે ધારણ કરવું. જેનાથી માનવ સાચો માનવ બને, જેનાથી માનવ પોતાના મૂળ સ્વરૂપને ઓળખી શકે, પોતાનો ઈશ્વર સાથેનો સંબંધ જેનાથી જાણી શકે તે ધર્મ.

પરબને જોઇને જેમ હાશ થાય. વળી પાણી પીઓ તો વધારે હાશ થાય. સાથે વળી બે રોટલા હોય તો તે છોડીને ખાઓ ને વળી ધરતીની ગોદમાં શાંતિથી ઉંઘ લો તો તો વળી હાશ થાય જ.

એ રીતે ધર્મ બળ્યા ઝળ્યાં અશાંત હૈયાને જેને ક્યાંયે આરામ મળ્યો નથી, છાંયડો શોધવા નીકળે છે. એને કોઇ મંદિર મળી જાય. ત્યાં વળી પરબ જેવા મહાત્મા હોય જે કથાવાર્તા કરતા હોય. એ કથામાં બે ઘડી બેસી બે સત્સંગની વાતો સાંભળીએ એટલે હાશ થાય, એ ધર્મ નવી ચેતના, નવી શક્તિ, નવી શાંતિ, નવો રસ આપે. પણ ખોટે પાટે ચઢ્યા તો અશાંતિ, કુસંગે ચઢયા તો અશાંતિ. ખલાસ.

શ્રીહરિએ ભક્તોની વિનંતિને વાચા આપી કે સર્વેશ્વરીનું ભજન મુલાકાતમાં સાંભળવા મળે. પૂ. શ્રીએ એના અનુસંધાનમાં તપાસ કરી મુલાકાતીઓ સૌ સાંજે પ્રવચનમાં આવે જ છે. પછી અહીં ગાવાની જરૂર નથી. તો એક પેટના દુઃખાવાવાળા ડાયાબિટીશના દર્દીએ કહ્યું કે મારાથી આવીને ત્યાં બેસી શકાતું નથી. પૂ. શ્રીએ કહ્યું : આવજો, ટેકો દઇને બેસજો. જીવનના બે કલાક સત્સંગમાં ક્યાં જશે તે ખબર પણ નહિ પડે. દુઃખને ભૂલી જશો, ને પેટમાં દુઃખે છે તો કબજીયાત હશે. માટે તાંબાના લોટાનું



પાણી પીઓ. એમ કહી એમને વિસ્તૃત સમજ આપવામાં આવી.

આજે કેનેડાથી શ્રી ધીરુભાઇ આવ્યા હતા. તેમની સાથે થોડી વાતો કરે છે.

ભજન ગાવાની આજ્ઞા થાય છે, ગઇરાત્રે જ લખેલું ભજન સર્વેશ્વરી સંભળાવે છે. ભજન સંભળાય તે માટે રસોડામાં કામ કરતાં કૈલાશબેન માટે પૂ. શ્રી રસોડાનું દ્વાર ખુલ્લું કરાવતાં કહે છે, “મહાત્મા થયા એટલે અમારે દરેક જીવોનું ધ્યાન રાખવું પડે. વડોદરાથી આવેલા જીવને (કૈલાસબેનને) એમ ન થવું જોઇએ કે હું સત્સંગથી વંચિત રહી ગઇ.”

પ્રશ્નઃ–સંતમહાત્માઓ જેમ જીવોની ચિંતા કરે છે તેમ જીવો મહાત્માની ચિંતા કે ધ્યાન રાખે છે ખરાં?

પૂ. શ્રીઃ–મેં તો કર્તવ્યભાવે નિષ્કામકર્મ કરી લેવાની નીતિ રાખી છે. તમે ઝાડ રોપો પછી તેનો છાંયડો મળશે એવી આશા ન રાખો. મનથી, શરીરથી, વચનથી સત્કર્મ કર્યાં કરો. આપણી ચિંતા કરનારો હજાર હાથવાળો બેઠો છે. દુનિયાની કોઇ બેન્ક જેટલું વ્યાજ ન આપે એટલું વ્યાજ એ આપે છે. વળી ૧૦૦% બોનસ આપે છે–શાંતિનું. પછી શું જોઇએ? માણસોની આશા ન રાખો. માણસો કહે કે ન કહે તે ગણકારવું નહીં. પ્રભુની જ આશા રાખો. એના પર જ પ્રેમ રાખો. આપણે સારું કરીએ છીએને! એટલો સંતોષ રાખો. ભગવાન પાસે જ માંગો. ભગવાન પાસે માંગવાનો આપણને હક્ક છે. તે જ આપણું પળેપળનુ ધ્યાન રાખે છે. માણસ શું રાખી શકે?

ભોંયમાં પેંસી ભોંય રે, કરીએ કાંઇ વાત,
ઘડીએ મનમાં ઘાટ, તે જાણે જગનો તાત.

બોલો. આપણી દરેક વાતોને, દરેક કર્મોને ભગવાન જાણે જ છે. એટલે મને તો એનામાં વિશ્વાસ છે જ.

બે વાર પરદેશની મુસાફરી કરી તો અમારી જ ટીકીટ અમે ગયા ને આવ્યા. તો કોણે વ્યવસ્થા કરી? ભગવાને જ એ આપ્યું, ભગવાને જ એ ધ્યાન રાખ્યું, પ્રભુમાં વિશ્વાસ હોય તો પ્રભુ રક્ષા કરે જ છે.

આટલી વાતો પછી સમય પૂરો થતાં પૂ. શ્રી પાસે મુકાયેલો પ્રસાદ વહેંચવામાં આવે છે. સૌ ભક્તો ઉઠીને વિદાય થાય છે.

કેનેડાથી આવનાર ભાઇને પૂ. શ્રી થોડી વાતો કરી સર્વેશ્વરીનો પરિચય આપે છે. વળી તેમની નાની છોકરી બિમાર છે તો એવીલ ગોળી પૂ. શ્રી આપે છે. ને પ્રવચન સાંભળીને જઇ શકાય એમ પણ સૂચન કરે છે.

થોડી જ વારમાં ભોજન લઇએ છીએ. ભોજનબાદ બે પત્રો લખાવે છે. વડોદરાથી આવેલા સેવાભાવી બેન કૈલાસબેનને બે દિવસ અહીં રોકાઇ જવાની આગ્રહભરી સૂચના કરે છે. તે બેન તે વાત સહર્ષ વધાવી લે છે. સૌ વિદાય થાય છે.

પૂ. શ્રી આરામ કરે છે. વચ્ચે વળી થોડું લેખન કરે છે. વળી પાછા પાંચથી પોણા છ સુધી લેખનકાર્ય કરે છે. ત્યારબાદ પ્રવચન સ્થળે જવા વિદાય થાય છે. પરંતુ તે પહેલાં રાજકોટથી શ્રી શાંતિભાઇ સપરિવાર પધારે છે.

એમના પરિવારમાં એમનાં વૃદ્ધ માતા પણ છે. જે ખૂબ ભાવિક છે. માતાજીની માંદગી ને સેવાની વાતો થાય છે. ત્યારબાદ વૃદ્ધ માજી પૂ. શ્રીને પૂછે છેઃ–



પ્રશ્નઃ–તમારો લખેલો મંત્ર હીરાના હાર કરતાં પણ વધુ સાચવું છું.

પૂ. શ્રીઃ–સાચવવો જ જોઇએને એ તો કિંમતી જ ગણાય.

પ્રશ્નઃ–ભક્તિ તો કરીએ પણ ચિંતા બહુ રહે કે 'કશું નથી થતું.' તો શું કરવું?

પૂ. શ્રીઃ–ચિંતા રહે તો સારું, અસંતોષ રહે તે સારું. તમારા શાંતિભાઇ જ છે. તેમને ધંધામાં સંતોષ થઇ જાય તો તે સારું ન ગણાય. જેમ બને તેમ વધુને વધુ ભક્તિ કર્યાં કરવી.

પ્રશ્નઃ–હા, પણ એનો અસંતોષ બહુ રહે છે.

પૂ. શ્રીઃ–તમે કેટલા જપ કરો છો?

બેનઃ–ગણત્રી તો નથી કરતી.

પૂ. શ્રીઃ–તે કેમ ચાલે? તો કેટલો સમય કરો છો?

બેનઃ–કોઈવાર વધારે થાય ને કોઈવાર ઓછું થાય.

પૂ. શ્રીઃ–પણ કેટલો સમય કરો છો?

બેનઃ–મંત્રજપ કેટલા કર્યા તે કહેવાય નહીં. એટલે શું કરું?

પૂ. શ્રીઃ–હા, પણ ભગવાનને કહેવાય. ઘરમાં જેને રસ હોય, એને કહેવાય. જેથી આપણને પૂછે પણ ખરાં કે જપ કર્યા કે નહીં. ન કર્યા તો ભોજન ન મળે. નિયમ તો રાખો જ. સમયનું બંધન અથવા સંખ્યાનું બંધન તો રાખવું જ પડે. મનને કોઈપણ ખીલો તો જોઈશે જ.

આટલી વાતચીત બાદ રાજકોટ માટેના પ્રવચનની વાતો થાય છે. આજે પ્રવચન સ્થળે જવામાં મોડું થયું. પહોંચી ગયા બાદ 'ગુરુ' ઉપર પૂ. શ્રીએ ખૂબ સરસ પ્રવચન કર્યું.

પ્રવચન બાદ રાજકોટ પત્ર લખી આપ્યો. પરમશક્તિની અનુમતિથી રાજકોટ પ્રવચન માટે પૂ. શ્રી હા પાડે છે. શાંતિભાઇ વિદાય થયા. અલ્પાહાર બાદ આરામ.

**તા. ૫-૨-૮૧, મહા સુદ પડવો, ૨૦૩૭, ગુરુવાર**
**સ્થળ : મોરબી.**

સવારે નિત્ય નિયમ પ્રમાણે બધું કાર્ય થાય છે. બરાબર સાડા અગિયારે પૂ. શ્રી બહાર આવે છે. ત્યાં સુધી પૂ. શ્રી પોતાનું લેખનકાર્ય, મંત્રજપ, વ્યાયામ વગેરે પૂર્ણ કરી દે છે.

પૂ. શ્રી કોચ ઉપર બેઠા છે. સૌ ભાવિક ભાઇબેનો સામે બેઠાં છે. મીનાને ભજન ગાવાનું કહે છે. મીના કહે છે, "આખું આવડતું નથી. પૂ. શ્રી કહે છે, ગઇકાલે મેં આખો લાડુ ખાધો જ ન હતો, જેટલો ખાઇએ એટલો લાભમાં છે. આટલી સ્પષ્ટ વાતો થઇ છતાં મીનાએ ભજન ન ગાયું. તે દરમ્યાન ત્રણેક ભાઇઓ આવીને પ્રણામ કરી પોતાનું સ્થાન લે છે, અને પ્રશ્નોત્તરી શરૂ થાય છે. તે પહેલાં મીનાએ 'કૃપાનું કિરણ' ભજન ગવડાવ્યું.

પ્રશ્ન:–સંતાન પ્રાપ્તિ એ ભાગ્યની વાત છે કે કેમ?

પૂ. શ્રી:–સંતાન, ધન, નામ, યશની પ્રાપ્તિ ભાગ્યાધીન ગણાય. ભાગ્ય એટલે કર્મ. આપણાં જ કર્મોનું ફળ. પરિણામે આ બધું મળે. હાનિ, લાભ, જીવન, મરણ, યશ, અપયશ વિધિ હાથ– રામાયણમાં કહ્યું છે.

પણ જુઓ. સંતાનપ્રાપ્તિ થાય એટલે ગંગા નાહ્યા એવો સંતોષ ન લેવાય. હમણાં તો સંતાનો રડાવે છે. સંતાનની ઇચ્છા એ ઘેલછા છે, વાસના છે. કલિયુગમાં સુપુત્ર તો કોઇક જ પાકે. મોહ છે એટલે ઇચ્છા થયાં કરે. કોઇના ઉછીના લેવાય એમ છે.



જેને હોય તેને ઓછા હોય તો સારું એમ લાગે છે. આ જમાનામાં તો સંતાન સારાં હોય તો જ સારું. બીજાના ઘરોમાં કુપુત્રો જોઇને વૈરાગ્ય થશે. મોંઘવારીમાં સારું છે સંતાનો નથી તે. કર્મના ઋણાનુબધ. શ્રેય તો ઇચ્છો કે ન ઇચ્છો પણ સંતાન આવે ને ઋણાનુબંધ પૂરું થાય એટલે ઇચ્છા હોય કે ન હોય પણ ચાલ્યો જશે.

પ્રશ્ન:–સંતાન પ્રાપ્તિ માટે સંતોની કૃપા કામ કરે ખરી?

પૂ. શ્રી:–સંતાન ન થાય તો તમે રાષ્ટ્રની સેવા કરો છો. સાચા સંતો એમાં રસ નથી લેતા. વેપારી સંત હોય તો પૈસા પડાવે ને લાલચ આપે. લોભી ગુરુ લાલચી ચેલા, દોનો નરકમેં ઠેલમ્ ઠેલા. સારા સંતો વિષયોમાંથી છોડાવે ને આશ્વાસન આપે કે ખુશખુશાલ રહો. આ જમાનામાં તો ન થાય તે જ સારું. સોમાંથી એક જ પ્રહ્લાદ નીકળે. ઘણીવાર લોકો હેરાન કરે છે. તમારા કે સ્ત્રીના કે લોકોના હાથની એ વાત નથી, એમ સમજો ને સમજાવો. કર્મના ફળને સ્વસ્થતાથી સરખા રહી ભોગવો. સાચા સંતો તો આત્મકલ્યાણમાં જ રસ લે છે?

પ્રશ્ન:–પુત્ર વિના સ્વર્ગે ન જવાય એમ કહે છે, તેનું શું?

પૂ. શ્રી:–એ વાત તે જમાનામાં કહેલી. ચીન, રશિયા, પાકિસ્તાનમાં એવું વિચારે છે કે જેટલા માનવ વધારે તેટલા લડાઇમાં કામ આવશે. રૌરવ નર્કમાંથી (સંકુચીતતા, સ્વાર્થ, લોભ) પુત્ર તારે. સારો પુત્ર હોય તો જીવતા જ સ્વર્ગનું સુખ આપે, જીવતાં જ સત્કર્મ કરી લો. શ્રદ્ધાથી જીવતાં જ કર્મ કરો, જેથી જીવતાં જ સદ્‌ગતિ. છોકરા ઉપર આશા ન રાખી શકાય.

પ્રશ્ન:–નિર્વિકલ્પ સમાધિને યોગમાં શું તફાવત?

પૂ. શ્રીઃ—યોગનું જ આઠમું અંગ તે સમાધિ. નિર્વિકલ્પ—સંકલ્પ વિકલ્પ જે દશામાં ન રહે. તેનો પણ લોપ થાય, તેવી સમાધિ તે નિર્વિકલ્પ. પોતાનું ને શરીરનું પણ ભાન ન રહે. એ દશામાં અનુભવ થાય. તમારી શાળામાં ૧૨ ધોરણ છે ને, તો સમાધિ એ ૧૨ માં ધોરણ જેવું છે. યમનિયમમાંથી પસાર થઈ સમાધિ. ત્યાંથી ડીગ્રી કોર્સ એટલે ભગવાનનાં દર્શન.

પ્રશ્નઃ—રોજના પૂજાપાઠ કે ભોગ ધરાવવાનું સૂતક હોય ત્યારે ન થાય?

પૂ. શ્રીઃ—સૂતક લાગે તો ખાવાનું બંધ થાય છે? ના. સૂતક કોઈને જ લાગતું નથી, દુઃખ થાય. ખરો ભાવ હશે તો જીવનભર યાદ આવશે. એમાં સૂતક શું લાગે? ઉલ્ટું મરણ પછી પૂજાપાઠ વિશેષ કરવાં જોઈએ જેથી દુઃખ હળવું થશે. એટલે પૂજાપાઠ છોડવાની જરૂર નથી, પણ તમને શંકા હોય તો તેટલા દિવસ પૂજાપાઠ વિધિપૂર્વક ન કરતા, પણ માનસિક રીતે તો એ બધું કરજો. સૂતક હોય ત્યારે બીજું બધું છોડતા નથી તો હરિનામ શા માટે છોડીએ?

પ્રશ્નઃ—પ્રારબ્ધકર્મથી બચવા નવા કર્મમાં શું કરવું?

પૂ. શ્રીઃ—સારાં કર્મો કરો. જે ખરાબ થયું હતું તેનો પસ્તાવો કરો. પ્રભુને કહો, "પ્રભુ! આવું થઈ ગયું હવે નહીં કરું. માફ કરી દો. તો પ્રભુ માફ કરશે. હવે જે કરો તેમાં કુકર્મ ન કરો. સાચા દિલની પ્રાર્થના કરો તો તમારા ખરાબકર્મને પણ ભગવાન ફળ આપવાનુ માંડી વાળે. મહારાષ્ટ્ર સરકારે ખેડુતોનાં દેવાં માફ કર્યાં, તો શું ભગવાન એ માફ ન કરે? કદાચ ભગવાન માફ ન કરે તો શાંતિથી ભોગવો ને સારાં કર્મો કર્યાં કરો.



પ્રશ્નઃ—વ્રતજપ તૂટી જાય તો શું કરવું?

પૂ. શ્રીઃ—ચંપલ તૂટી જાય તો મોચીને ત્યાં જઈને પટ્ટી મરાવીએ, તેમ ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. ફરી ચાલુ કરી દો. વ્યાધિ કે કોઈ પ્રસંગથી અટકી જાય, પણ ફરી ચાલુ કરી દો.

સમય થતાં સૌ વિદાય થયાં. ભોજન બાદ ત્રણ ચાર પત્રોના ઉત્તરોનું લેખન થયું. ત્યારબાદ આરામ.

સાંજે પ્રવચન. સાંજે પ્રવચનમાં હાસ્યરસ સાથે જ્ઞાન પીરસાયું. આનંદ.

ત્યારબાદ દૂધ વગેરે લઈ આરામ. હરિઃ ૐ

( ક્રમશઃ )

પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ.
નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# અમૃત પળોનો આસ્વાદ–૪

ગોરધનભાઈ કલોલા

જીવનની અમૃત પળો એટલે માતૃઅંકે મોજ! ભવની ભાવટ ભાંગવાનો આ અમૂલ્ય અવસર છે. સમય સરી રહ્યો છે, પ્રત્યેક પળો પલકવારમાં અદૃશ્ય થઇ રહી છે, પણ આ સમયની પળો અમૃતત્ત્વથી અલંકૃત છે. કાલ અને કાલેશ્વરનો અહીં સુભગ સમન્વય થયો છે. સમયની છીપ છે, માતૃકૃપાની વર્ષાનો સ્વાતિ નક્ષત્રનો અમૃત યોગ છે, પકવી લઇએ આત્મદર્શનના મોતીને!

આ માતૃદર્શનના સુયોગમાં બધું જ સમાયું છે. એ મંગલ દર્શને પ્રકટે છે જ્ઞાન, સધાય છે યોગ. જાગે છે ભક્તિ! ચાલો ત્યારે સાધી લઇએ એ દર્શનના સુયોગને!

આજે ૨૩, નવેમ્બર '૯૦ નો શુભ દિવસ છે. પૂ. મા જ્ઞાનેશ્વર પરમાત્માના તીર્થસ્થાન આળંદીથી તુકારામ પ્રભુના તીર્થધામ દેહૂ પધાર્યાં છે. દર્શનનો એટલો તો સુંદર સુયોગ છે કે આંખનું મટકું મારવાની પણ ઇચ્છા થતી નથી. સંધ્યાના સુરમ્ય રંગો આથમણી દિશાએ આકાશમાં મનોહર સાથિયા રચી રહ્યા છે. પવિત્ર ઇંદ્રિયાણી નદી શીતલ જલે સભર ભરી છે, આકાશનાં વિહંગોએ તીર્થના મહિમાનાં ગાન કરતાં એ સરિતા તટે ઉડી રહ્યાં છે. પ્રકૃતિ પરમશક્તિને વધાવવા સાજ સજીને ઉભી છે. નયનની પરમ પ્યાસને બૂઝાવી લઇએ, મીટ માંડો એ સરિતા તટપર સ્વાગત માટે દોડતા જલતરંગો પર! જુઓ, પૂ. માના પાવન, પદાંબુજોએ ભીના તટને સ્પર્શ્યા કે તરત જ એકીશ્વાસે



દોડીને જલતરંગોએ એ શ્રીચરણોને પખાળ્યા છે. અનેક જન્મો ઓળઘોળ કરી દઇએ એવી છે એ શ્રી ચરણોની પવિત્રતા! કાલની છાતી પર અમીટ છાપ અંકિત કરવાની એની સમર્થતા છે. પ્રભાતે એ શ્રી ચરણોનું ધ્યાન ભવરોગ મટાડે છે. એ દર્શનનું અમૃત પીતા જ રહીએ, જુઓ હરખમાં ને હરખમાં એ જલતરંગોએ પૂ. માના સાબુને પણ ભીનો કર્યો છે. ધરિત્રીએ શ્રી ચરણોને પખાળીને ધન્યતા અનુભવી તો આકાશે પણ આ મંગલ ઘડીને વધાવી લીધી! એ પણ વરસી પડયું! પ્રકૃતિએ જાણે પ્રત્યક્ષ આવીને પરમશક્તિના સ્નાનવિધિનો લ્હાવો લૂંટી લીધો. આ તો મા, પ્રેમસ્વરૂપા! પ્રકૃતિના પ્રેમનો પ્રત્યુત્તર આપ્યા વિના રહી શકે? પૂ. મા ઇંદ્રિયાણીના જલમાં પ્રવેશ્યાં. સૌ યાત્રિકો પણ પૂ. માની આસપાસ નદીમાં જ વીંટળાઇ વળ્યા છે. સૌ એ પવિત્ર જલમાં ઊભા રહીને પ્રભુના ગુણગાન ગાઇ રહ્યા છે. જાણે ગંગાતટે વેદગાનનું ગુંજન કરતા ઋષિવરો! ગુરુદેવ પ્રભુના સ્તવન, સ્તુતિ અને આરતીના મંગલ ગાને એ દિવ્ય અક્ષરધામ અહી જ અવનિ પણ જાણે આકાર પામ્યું! એક નાનીશી તેજ શિખા ધરતીમાં પ્રકટી હોય તેમ પૂ. મા આ સરિતા તટે સોહી રહ્યાં છે. એ ધવલ પરિધાન, એવું જ પવિત્રતાના પ્રતીક શું એ મુખાર-વિંદ પર રેલાતું, ધવલ સ્મિત પરમ ધવલતાનું દ્યોતક એ જ્યોતિ-ર્મયજીવન! પૂ. મા એટલે પરમશક્તિનું પરમોજ્જ્વલ સ્વરૂપ! પૂ. માના આ સહજ દર્શનનું દાન એજ વરદાન છે. બસ, અનિમેષ નયને નિરખ્યા જ કરીએ! પૂ. માએ સૌને સ્વહસ્તે ઇંદ્રિયાણીના પવિત્ર જળથી સ્નાન કરાવ્યું છે તો બાળકોને એ પાવન શ્રી ચરણોને એ પવિત્રજલે પક્ષાલન કરવાનો લ્હાવો પણ સહજ સાંપડી ગયો છે.

આ માતૃદર્શનની માધુરી માણતાં માણતાં શ્રી તુકારામ પ્રભુના પવિત્ર સ્થાનના દર્શન પણ કરી લઈએ.

દેહૂગામના આંગણામાં, ઇંદ્રિયાણીના તટપર જ્યાંથી શ્રી તુકારામ મહારાજ સદેહે અક્ષરધામ સિધાવ્યા તે પવિત્ર સ્મારક આવેલું છે. ત્યાં દર્શન કરી એ સ્મારક સામે એક વૃક્ષ નીચે પૂ. માની આસપાસ સૌ બેઠા છે. અહીં પૂ. મા અમેરિકામાં શ્રી વિનોદભાઈને ઘેર અનુભવેલો શ્રી તુકારામ મહારાજની અનુભૂતિનો પ્રસંગ કહે છે. શ્રી તુકારામ ગાથાનું ગાન કરતાં કરતાં દેહુ ગામમાં આવેલા ભગવાન વિઠ્ઠલનાથના મંદિરે દર્શને પૂ. મા સાથે સૌ આવ્યા છે. અહીં પૂ. માએ દર્શન કર્યા તો જે સ્થાનમાં અમેરિકામાં શ્રી તુકારામ મહારાજે દર્શન આપેલાં તે આ મંદિરનું સ્થાન હતું. આ મંદિરની રચના, પૂ. માએ આ પહેલાં એ સ્થાનનું જેવું વર્ણન કર્યું હતું તેવી જ હતી.

હવે સાંજ ઢળી ગઈ છે. આ પવિત્ર તીર્થની વિદાય વેળા ભગવાન વિઠ્ઠલનાથનું પાવન સ્મરણ કરી લઈએ શ્રી મીનાક્ષીબેનના ભાવસભર કંઠમાંથી વહેલા સુરમ્ય સૂરોમાં મગ્ન બનીએ.

વિઠ્ઠલ, વિઠ્ઠલ વિઠ્ઠલા, માઝ્ર વિઠ્ઠલ પાંડુરંગા.

નાશિક, શીરડી, આળંદી અને દેહુનાં પવિત્ર તીર્થોની યાત્રા કરી તા. ૨૩ નવેમ્બર '૯૦ ના રોજ રાત્રે બાર વાગ્યે પૂ. મા સાથે સૌ મુંબઈ આવી ગયાં છે. યાત્રા સુખરૂપ નીવડી તેથી પ્રભુનો પાડ માનવા પૂ. માએ બીજે દિવસે બપોરના ગુરુપૂજનનો કાર્યક્રમ રાખ્યો છે.

પૂ. મા જીવનનું સારથિપદ પ્રભુને સોંપી નિશ્ચિંત બની ગયાં છે. પ્રભુમાં અડગ શ્રદ્ધા ને વિશ્વાસ, પૂ. માની મોટી મૂડી છે, એ



મૂડીના આધારે પૂ. મા જીવનનો વેપાર ખેડયાં કરે છે. છેક બાળવયથી અત્યાર સુધી અનેક લીલાપ્રસંગોમાં એ પ્રભુએ સાક્ષી પુરાવી છે, એ કૃતકૃત્યતા વ્યક્ત કરવા પૂ. માએ પ્રભુનું કૃપાસ્તવન રચ્યું છે. જીવનનું સુકાન પ્રભુએ કેવી રીતે સંભાળ્યું છે તે કૃપાપ્રસંગોને પૂ. માએ પ્રેમપૂર્વક વ્યક્ત કર્યાં છે. તે કૃપાપ્રસંગો પૂ. મા સાંજના સત્સંગમાં વર્ણવી રહ્યાં છેઃ–

સર્વેશ્વરીની બાળવયથી કીધી રક્ષા જેમણે,
ને સર્વબંધન ક્ષણમહીં છોડાવી દીધાં જેમણે,
સત્સંગમાંથી શોધીને સાન્નિધ્ય દીધું જેમણે,
ત સર્વેશ્વરીના નાથ યોગેશ્વર પ્રભુ નમીએ અમે.

અગિયાર વર્ષની ઉંમરે પ્રભુકૃપાએ મોતના મુખમાંથી પાછા ફર્યાં, જિતુભાઈને ત્યાં વડોદરામાં કાચથી અદ્ભુત રીતે રક્ષા થઈ, હરિદ્વારમાં મોટી શિલા અને સાપથી પ્રભુએ હેમખેમ ઉગાર્યાં, વૈષ્ણવી દેવીની યાત્રા વખતે એક જ દિવસમાં બત્રીસ કિલોમીટર ચલાવવા પગમાં બળ પૂર્યું અને સમશૃંગી અને બાહુબલીનાં કપરાં ચઢાણની સડસડાટ દોડમા જોમ અને જોશ પ્રભુકૃપા થકી જ પ્રકટયાં હતાં. જગન્નાથપુરી અને સાનફ્રાંસીસ્કોના સમુદ્રસ્નાનમાં પ્રભુએ સાક્ષી પુરાવી હતી. હરિદ્વાર અને સોમનાથમાં પૂજન સ્વીકારનાર એજ પ્રભુ હતા! વિરૂપાક્ષી ગુફામાં આરતી ઉતારનાર અને વૈષ્ણવીદેવીની યાત્રા વખતે એ શ્રી ચરણોની ધુલિ મસ્તકે ચઢાવનાર પણ એજ દિવ્ય શક્તિ હતી, અનેક મોટી મોટી યાત્રાઓમાંથી હેમખેમ પાર ઉતારનાર, અને શિબિરો જેવા અનેક સત્સંગો અને રામાયણ પારાયણ જેવા સમારોહોની વ્યવસ્થામાં એજ સમર્થશક્તિની કૃપા વરસતી રહે છે. હરડગલે અને પગલે

જીવનની હર ગતિવિધિમાં પ્રભુ જાણે વણાઇ ગયો છે. શ્વાસના પ્રત્યેક સ્પંદનમાં એજ જીવન પ્રાણરૂપે ધબકી રહ્યો છે. એ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આજે પણ તપ, વ્રતના આકરાં જીવનસોપાનો સર કરી રહ્યાં છે.

આજનું ગુરુપૂજન પણ પ્રભુને 'થેંક્યું'ની સલામી આપવા માટે છે. પ્રભુકૃપામય જીવન કેવું હોય તેનું પૂ. માનું જીવન એક અનુપમ, આદર્શ ઉદાહરણ છે. સમૂહ ગુરુપૂજન પૂ. માની હાજરીમાં જ સંપન્ન થયું. પૂજનવિધિ પછી એકસો પચીસ દંડવત્ પ્રણામ પૂ. મા સાથે સૌએ કર્યાં. પૂ. માના શ્રી વિગ્રહદ્વારા પ્રભુ કેવી લીલા કરી રહ્યો છે તેનાં રહસ્યનો પાર પામી શકાય તેમ નથી. અખંડ ઉપવાસી અને ઉગ્ર તપ, વ્રતથી તપતા એ જીવનમાંથી આ શક્તિસ્રોત કેવી રીતે પ્રકટે છે તે આ જગત સામે મોટું પ્રશ્નાર્થ ચિહ્ન છે! ગઇકાલની યાત્રાનો થાક, છતાં પૂ. માએ આજે સવારે અને બપોરે એમ બે વખત કુલ અઢીસો દંડવત્ પ્રણામ કર્યાં છે. જીવનાધાર બની ગયેલી પ્રભુકૃપાનો આ દંડવત્ પ્રણામ એ પ્રેમપૂર્ણ પ્રતિઘોષ છે. આ શરીરને નીચોવીને વેદના વેઠીને પણ પ્રભુપ્રત્યેની સંવેદના પૂ. મા દંડવત્ પ્રણામો દ્વારા વ્યક્ત કર્યા વગર રહી શકતાં નથી, જેટલી વિશેષ કૃપા, સમર્પણ એથી પણ સવાયું! જીવનની ક્ષણેક્ષણ પૂ. માએ પ્રભુને સોંપી દીધી છે. જીવનની પ્રત્યેક પળમાં પ્રભુને પ્રકટાવ્યા છે. દંડવત્ પ્રણામો એટલે તપની તેજસ્વીતા! નિર્માલ્યપણાનો અહીં છેદ જ ઉડી જાય છે. દેહ અને મનના અહંને ભસ્મીભૂત કરી એ દંડવત્ પ્રણામો દ્વારા વિનમ્રતાની અનુરાગપૂર્ણ જીવનસૃષ્ટિનું નવનિર્માણ કર્યું છે. અહીં ગુરુપૂજન એ ફક્ત કુમકુમ તિલક કે પુષ્પહારની



વિધિમાત્ર નથી, પરંતુ પ્રભુના પદસરોજની ધુલિને એ પ્રણામો દ્વારા મસ્તકે ધારણ કરવાની છે, દંડવત્ પ્રણામોએ પ્રભુનું પરાક્રમી પૂજન છે.

સાંજના સત્સંગમાં પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો.

**પ્રશ્ન:**–શ્રદ્ધાભક્તિ ઓછાવત્તી કેમ રહે છે? એકધારી શ્રદ્ધા-ભક્તિ ટકી રહે તે માટે શું કરવું?

**પૂ. મા:**–જીવનમાં સુખદુઃખની ચડઉતર રહ્યાં કરે છે, દુઃખદ પ્રસંગોએ ડરના માર્યા શ્રદ્ધા ટકે છે. સુખદ પ્રસંગોએ પ્રભુકૃપાને વિસરી જઇએ છીએ. એટલે જીવનમાં દરરોજ સુખદ અને દુઃખદ પ્રસંગોનું વિહંગાવલોકન કરી જવું જોઇએ. પૂ. શ્રી કહેતા કે અમે સરોડામાં જન્મ્યા ત્યારથી બોર્ડિંગ, કોલેજ તથા હિમા-લયના જીવનને દરરોજ જોઇ જતાં. દુઃખદ કે સુખદ પ્રસંગોએ અનુભવેલી પ્રભુકૃપાને યાદ કરતા, જેથી શ્રદ્ધા એકધારી ટકી રહેતી! છોડનું રક્ષણ કરવા જેમ વાડની જરૂર છે તેમ શ્રદ્ધાભક્તિ એકધારી ટકી રહે તે માટે વ્રત અને નિયમરૂપી વાડની જરૂર છે. વ્રતનિયમને દૃઢપણે વળગી રહો, આજે અમે બસ્સો પચ્ચાસ દંડવત્ પ્રણામો કર્યાં. શરીરના સ્વામી બનો, નબળા શરીર અને મનમાં દૃઢતા ટકતી નથી.

**પ્રશ્ન:**–પરમશક્તિની કૃપા પામવા માટે શું કરવું?

**પૂ. મા:**–આપણે ઘરનાં બારી બારણાં ખુલ્લાં રાખીએ તો જ બહારનો તાજો પ્રકાશ અને હવા ઘરમાં પ્રવેશી શકે છે, તેમ પ્રભુકૃપા આપણા જીવનમાં પ્રવેશે તે માટે મનને ખુલ્લું રાખવું જોઇએ. ભૂમિકા તૈયાર કરવી જોઇએ. યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ.

ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદ્દપિ અર્થ નવ સરે,
બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.

પ્રશ્નઃ–પવિત્ર નદીઓમાં સ્નાન કરવાથી પાપ ધોવાય?

પૂ. માઃ–હા, ધોવાય! પવિત્ર નદીઓમાં સ્નાન કરવા ઘરેથી નીકળો ત્યારથી જ પાપ ધોવાવાં શરૂ થઈ જાય. ઘરથી ગંગાસ્નાન કરવા નીકળો એટલે ઘરનો, ધંધાનો મોહ ઘટે, શરીર સુખની આસક્તિ યાત્રામાં જતાં ઓછી થાય. દાન દેવાથી જેમ ધન પવિત્ર બને, તેમ પવિત્ર તીર્થસ્થાનોમાં જવાથી તેના પવિત્ર વાતાવરણે મન પણ પવિત્ર બને છે. સંતોનો સંગ થશે, તેઓ જીવંત તીર્થ છે. આમ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે પવિત્ર નદીઓનું સ્નાન તન મનના તાપ મટાડે છે, શાંતિ આપે છે.

પ્રશ્નઃ–બીજા માટે જપ કરીએ તો તેને તેનું ફળ મળે?

પૂ. માઃ–હા, મળે. પરહિતમાટે, નિઃસ્વાર્થભાવે કામ કરીએ તો તેને જરૂર પ્રાપ્ત થાય છે. બીજાના કલ્યાણમાં જે રત રહે છે તેને બીજી કોઈ સાધના કરવાની જરૂર નથી.

પ્રશ્નઃ–ધ્યાન સારું કે જપ?

પૂ. માઃ–જે સાધનમાં શ્રદ્ધા જાગે તેને પકડી રાખો. બાળક રડવા માંડે એટલે મા બધું જ ઘરકામ પડતું મૂકીને દોડી આવે છે, તેમ ગમે તે ઉપાય દ્વારા પ્રભુ માટે રડવા માંડશો, એટલે એ વિના વિલંબે દોડી આવશે.

પ્રશ્નઃ–સાધનામાં અનુભૂતિ આવશ્યક છે?

પૂ. માઃ–બધાને થતી નથી, અને જરૂરી પણ નથી. થાય તો તેનાથી શ્રદ્ધા વધે છે. વિવેકાનંદજીના જીવનમાં ખાસ અનુભૂતિયો ન હતી. સદ્દગુરુની પ્રત્યક્ષ કૃપા એ જ તેમના માટે અનુભૂતિ



બની ગઈ હતી! વ્રત ને તપને વળગી રહો, અનુભૂતિની ઈચ્છા વિના સાધનારત રહો!

પ્રશ્નઃ–પ્રાર્થના કરવાથી જવાબ મળે?

પૂ. માઃ–જરૂર મળે. પવિત્ર અંતઃકરણમાંથી સહજ જિજ્ઞાસાથી પ્રકટેલી પ્રાર્થનાનો જવાબ જરૂર મળે છે. પ્રાર્થનાને સાધનાનું સ્વરૂપ આપો. તેના જવાબની ઈંતેજારીમાં ન પડો. પ્રાર્થનામાં પ્રભુ સાથે વાતચીત કરતા રહો, એક દિવસ પ્રભુ પ્રત્યક્ષ વાતચીત કરવા પણ જરૂર આવશે?

પ્રશ્નોત્તરી બાદ યાત્રાની પુણ્યયાદ નિમિત્તે શ્રી મીનાક્ષીબેન તરફથી સૌને દીપકની ભેટ આપવામાં આવે છે. એ નિમિત્તે સંદેશો આપતાં પૂ. મા કહે, "દીપકની સાધનાના દીપકને સદાય જલતો રાખજો. દીપકમાં તેલ ખૂટતું દેખાય તો આવી યાત્રા નિમિત્તે વ્રત અને નિયમનું તેલ પૂર્યા કરજો. પવિત્ર તીર્થદર્શન અને સંતસમાગમથી સાધના દીપકની વાટને સંકોર્યા કરજો, જેથી પ્રભુકૃપાના અખંડ પ્રકાશથી જીવન પ્રકાશિત રહો! યાત્રામાંથી જે કંઈ મળ્યું છે તેને ગાંઠે બાંધજો, તેને પ્રભુપંથનું ભાથું બનાવજો."

વિશેષ સંદેશ આપતાં કહે, "જીવનનાં બધાં જ સગપણો પ્રભુ સાથે બાંધો, જે જે સ્વરૂપે આપણે ભજીએ તે તે સ્વરૂપે આપણી સમક્ષ આવે છે. માતાપિતા, સખા, પ્રિયતમ સર્વભાવે અમે પ્રભુને આરાધ્યા છે. સર્વ સંબંધે આવીને પ્રભુએ અમારી રક્ષા કરી છે." એક સુંદર સૂત્ર આપતા પૂ. મા કહે, "સ્મરણ કરો, સહાય કરશે."

પૂ. માનું સાન્નિધ્ય પ્રકટ પરમ પુરુષનું સાન્નિધ્ય છે. કરોડો ઉપાયે ન મળે તે આ પ્રેમાળ સાન્નિધ્યે સાંપડે છે. એ અલૌકિક

જીવન દર્શનથી મનની તમામ શંકાઓ નિર્મૂળ બની જાય છે. એ દર્શને બધી જ સાધનાઓ સધાય છે. રાહ, જોવામાં મજા નથી, સમય બારણે ટકોરા મારે છે, ખોલી નાંખો ને દ્વાર! મા સામે જ ઉભાં છે. આ અમૃતયોગ છે, બધું જ બાજુએ ફેંકીને એ ચરણ-કમળોમાં ઓળઘોળ થઇ જઇએ.

પુસ્તક તારાં ફેંક બાજુએ,
તર્કવિતર્ક શમાવી દે,
મનના ભ્રમને દૂર કરી દે,
વિચાર સર્વ મિટાવી દે!
વિચારની દુનિયામાં ભટકી,
રસ તેં અનુપમ ખોયો છે,
જે ચૂકશે તે ખોશે અવસર,
પીશે તે કૃતકૃત્ય થશે!

O

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# પરમ સંત ભાણ સાહેબ

કમલ સુથાર

પરમ સંત ભાણ સાહેબ. તે ગુજરાતમાં જન્મ્યા હતા. તેમનો જન્મ સંવત ૧૭૫૪ માં મહા સુદિ ૧૧ ને સોમવારે ચરોતરમાં આવેલા કનખીલોડ ગામમાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ કલ્યાણભાઈ હતું. માતુશ્રીનું નામ અંબાબાઇ હતું. માતા-પિતા ધાર્મિક સંસ્કારોનાં પ્રભુપરાયણ હતાં. માતા-પિતાના ઉમદા સંસ્કારોનો વારસો ભાણસાહેબને નાનપણથી જ મળ્યો હતો. તેથી ભક્તિભાવ નાનપણથી જ તેમનામાં પ્રબળ હતો. તે સાધુ-સંતોની સેવા કરતા.

ભાણ સાહેબ ગૃહસ્થાશ્રમી હતા. ખૂબ નિષ્ઠાપૂર્વક ગૃહસ્થ-ધર્મકાર્ય અદા કરતાં કરતાં તે અહર્નિષ પ્રભુ-નામ-સ્મરણ કરતા. ગુણવાન પત્ની હતી. ખીમ નામે ગુણવાન પુત્ર હતો. તીવ્ર અભીપ્સા હતી પ્રભુ મિલનની. સદ્‌ગુરુ મળ્યા. ગુરુમંત્ર મળ્યો. સદ્‌ગુરુએ અધિકારી શિષ્યને દીક્ષા આપી. હૃદયમાંથી અજ્ઞાન ગ્રંથિ ભેદાઇ ગઇ. જ્ઞાનપ્રકાશથી જીવન ચમક્યું. તે ભાગ્યશાળી બન્યા.

કચ્છના રાઓશ્રી દેશળજીએ શિષ્યમંડપનો સમારંભ યોજ્યો હતો. સાધુ-સંતોને નિમંત્ર્યા હતા. ભાણસાહેબને પણ તેમણે આદર-માનપૂર્વક નિમંત્ર્યા હતા. આ પ્રસંગે પરમ આત્મજ્ઞાની ભાણસાહેબ શિષ્યમંડળી સાથે ત્યાં ગયેલા. ત્યાં ભુજમાં તે થોડો સમય રહેલા. કચ્છનાં બીજાં સ્થળોની પણ તેમણે મુલાકાત

લીધેલી. તે વાગડમાં રાપરમાં પણ ગયેલા. ત્યાં ભક્ત–લોકોએ તેમનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરેલો. સત્સંગ કરેલો. ત્યાં તેમણે જ્ઞાન–ભક્તિની ધારાઓ વહાવેલી. લોકોના ભક્તિ–ભાવથી તે ખૂબ પ્રસન્ન થયેલા. પછી તેમનો રાપર સાથે ઊંડો નાતો બંધાયો. અને કાળક્રમે રાપર રવિ–ભાણ સંપ્રદાયનું મહત્ત્વનું સ્થાન બની ગયું.

ભાણસાહેબનું જીવન સાદુ હતું. સરળ હતું. તે નિરાભિમાની ને નિરાડંબરી હતા. ભગવદમય જીવન હતું તેમનું. તે ભગવાનની ભક્તિમાં લીન રહેતા. ભજનો રચતા. ગાતા. તેમના ભજનોમાં ઊંડી ભક્તિ–જ્ઞાન અને ભગવદાનુભૂતિનાં દર્શન થાય છે. તે પરમ અનુભવી દૃષ્ટિવાન સંત હતા.

ભાણ સાહેબના લગભગ ચાલીસ શિષ્યો હતા. તે શિષ્યો સાથે સત્સંગ માટે જતા. આ શિષ્ય સમુદાય "ભાણભોજ"ના નામે ઓળખાતો. આનો ઉલ્લેખ ભાણસાહેબના એક ભજનમાં આપણને જોવા મળે છે :

"સુન અનહદકા શોર ભાણ ફોજ નિર્ભય ચડી."

ગુજરાતમાં કમીજડા કરીને એક ગામ છે. આ ગામમાં મેપા નામે ભક્ત રહેતા. તે સંતસેવા કરતા. સત્સંગી હતા. એક દિવસ ભાણસાહેબ કમીજડા ગામમાં પધાર્યા. ભાણસાહેબ ગામમાંથી વિદાય લઇ રહ્યા હતા. મેપા ભગત બહારગામ ગયા હતા. તે ઘરે આવ્યા ત્યારે ભાણ સાહેબ ગામ બહાર ઊભા હતા. તળાવની પાળ ઉપર ઊભા–ઊભા શ્રદ્ધાળુ ભક્તોને આશીર્વાદ આપતા હતા. મેપા ભગત ત્યાં દોડતા આવ્યા. તેમણે ભાણ સાહેબને રોકવા માટે ખૂબ આગ્રહ કર્યો. પણ ભાણ સાહેબ માન્યા નહીં. એટલે મેપા ભગતે "રામની આણ" મૂકી. અને "ભાણસાહેબ" ત્યાં જ થંભી ગયા.



ત્યાંથી તે એક ડગલું આગળ પણ ન વધ્યા. ને એક ડગલું પાછળ પણ ન ગયા. ત્યાં જ તેમણે જીવતે સમાધિ લેવાનો દૃઢનિર્ધાર જાહેર કર્યો. આ નિર્ધાર છોડાવવા ભક્તોએ તેમને ખૂબ વિનંતી કરી. પણ ભાણ સાહેબ પોતાના નિર્ધારમાંથી જરાય ન ડગ્યા.

અંતે ભાણસાહેબની સમાધિની તૈયારી થઇ. તળાવની પાળ ઉપર સમાધિ માટેની જમીન ખોદાઇ. સંવત ૧૮૧૧ ના ચૈત્ર વદી ૩ ને ગુરુવારનો આ દિવસ હતો. આ દિવસે પરમ આત્મજ્ઞાની સમર્થ સંત શ્રી ભાણસાહેબે જીવતાં સમાધિ લીધી. તેમનો જય જયકાર થયો. તે બ્રહ્મલીન થયા. તેમની દિવ્યવાણી ભક્તોનાં હૈયાંને આજેય પાવન કરે છે :

"મન તું રામ ભજી લે રાણા;<br>
કરી લે ગોવિંદ ગુણનાં ગાણાં."

જૂઠી માયાના ફંદમાં ફસાયેલા જીવોને તે ચેતવે છે :

ખોટી માયાની ખબરું ન પડી કળ વિના કૂટાણા,<br>
જૂઠી માયાથી ઝગડો માંડયો બળ કરી બંધાણા.

અભિમાનમાં અંધ બનેલાં અજ્ઞાનીઓને તે ચેતવે છે :

રાવણ સરખા રહ્યા નહીં ને ઈન્દ્રજેવા અલપાણા,<br>
જરાસંઘ તો જતા રહ્યાને કૌરવ બહુ કુટાણા.

આ વંદનીય સંતની દિવ્યવાણી આજેય પ્રેરણા પિયૂષ પાય છે.

ગાંઠિયોલના એક સાચા સંત

# શ્રી જેસીંગ બાવજી

નારાયણ હ. જાની



સંત શ્રી જેસંગ બાવજી

સાચા સંતને ઓળખવા અઘરા છે, કારણ કે શાળા, મહાશાળા કે મહાવિદ્યાલયોમાં શૈક્ષણિક ઉપાધિઓ જેવી કોઇ ઉપાધિ—આવા મહાપુરુષોની પાસે હોતી નથી. વળી બેન્કો કે પોલિસ ખાતાના સરકારી કર્મચારીઓ જેવી નામની તકતી પણ તેઓ શરીર ઉપર ધારણ કરતા નથી. તેથી જનસમાજમાં ફરતા આવા સંતોને ઓળખવા સામાન્ય માણસ માટે અઘરું બની જાય છે.



પરંતુ જેમની પાસે આધ્યાત્મિકતાની સાચી સમજ છે, તેમને પ્રભુ સંતોને ઓળખવાની દૃષ્ટિ આપતો હોય છે. વળી બગીચામાં કે વનપ્રદેશમાં ખીલતા સુગંધી પુષ્પની સુવાસ, એ પુષ્પનો પૂરેપૂરો વિકાસ થતાં, આપોઆપ વાતાવરણમાં પ્રસરી જાય છે, તેમ એક સાચા સંતના અસ્તિત્વની મહેંક કદીક સંતના હયાતીકાળમાં કે કદીક તેઓની ભૌતિક દેહવિલય પછી પણ સમાજને થાય છે. સંતમાં ને સુગંધિત પુષ્પમાં ફરક એટલો જ છે કે પુષ્પ મુરજાઇ જાય પછી તેની મહેંક નાશ પામે છે, જ્યારે સંતપુરુષનું એમ નથી થતું. એમની હયાતી બાદ પણ તેઓની મહેંક પ્રસરતી રહે છે. ઘણીવાર વધારે પ્રબળ બનીને પ્રસરતી જણાય છે. આના આધુનિક જ્વલંત ઉદાહરણો છે શ્રી રામકૃષ્ણ પરમહંસ, ભગવાન શ્રી સ્વામિનારાયણ, શ્રી પ્રભુપાદ સ્વામી તેમ જ સ્વામી દયાનંદ સરસ્વતી.

આવા જ એક સાચા સંતનું પ્રાકટ્ય થયું અમારા નાનકડા ગામની પાસે સાબરકાંઠાના ઇડર તાલુકાના ગાંઠિયોલ (ગોધમજી) ગામમાં. તેઓનું નામ હતું શ્રી જેસિંગભાઇ. પટેલ જ્ઞાતિના ખેડુત પરિવારમા એમનો જન્મ. એથી ખેતીનો પરંપરાગત મુખ્ય વ્યવસાય. ભણતર ખાસ કંઇ નહિ. અક્ષરજ્ઞાન પણ અપૂરતું. છતાં ગુરુકૃપાએ ગ્રંથવાંચન કરી શકતા.

જ્ઞાતિના રિવાજ પ્રમાણે નાનપણમાં જ લગ્ન થઇ ગયેલાં એટલે સંસારી બન્યા. ઋણાનુબંધે એમને ચાર પુત્રીઓ પણ થઇ. પરંતુ તેમનું મન સસારમાં નહિ. સંસાર મનમાં નહિ. પૂર્વજન્મના પ્રબળ સંસ્કારોને લીધે એમનું મન સંસારમાં અજંપો અનુભવતું. સદ્ભાગ્યે એમને સદ્ગુરુ મળી ગયા. ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના પ. પૂ. શ્રી રામજી બાપા.

સાંસારિક માણસો જેમ પોતાની ઓળખાણ આપવા પોતાના નામ પાછળ પિતાનું નામ લગાડે છે. સંતોને આ પસંદ નથી હોતું. તેઓ પોતાના ભૌતિક દેહની ઉત્પત્તિરૂપ માતાપિતાનો આદર જરૂર કરે છે, પરંતુ જેમણે સાચા આત્મિક સ્વરૂપનું જ્ઞાન આપ્યું. તે ગુરુનો ઉપકાર કદી ભૂલતા નથી. તેઓને મન સાંસારિક મા–બાપો કરતાં ગુરુ મહત્ત્વના છે. 'કૃપાથી મુક્તિ દેનારા' ગુરુને તેઓ લાખ લાખ વંદન કરે છે. એટલે પોતાના નામ પાછળ શ્રી જેસિંગ બાવજી (અહીં બાવજી શબ્દનો અર્થ એક એક ધાર્મિક માનવાચક શબ્દ તરીકે થાય છે.) ગુરુ શ્રી રામજી બાપા એમ લખાવતા.

શ્રી જેસંગ બાવજીને એમના સદ્‌ગુરુ રામજી બાપાનો પ્રથમ મેળાપ મુનાઇ ગામે થયેલો. ત્યારે તેઓ તેમના ભક્ત શ્રી નાથુજીને ત્યાં પધારેલા. પ્રથમ પરિચયે જ તેમને તેઓના પ્રત્યે સાહજીક આકર્ષણ થયેલું. તેમાં એક વિશેષ ઘટના બની.

શ્રી રામજી બાપાના સત્સંગનો લાભ લેવા આસપાસના ગામોમાંથી ઘણા ભાવાર્થી લોક આવેલા. તેમાં ચિત્રોડા ગામમાંથી એક ભાઇ આવ્યા હતા. કોણ જાણે કેમ પણ શ્રી રામજી બાપાએ એ ભાઇને પાસે બોલાવી કંઇ વાતો કહેવા માંડી. શ્રી જેસીંગભાઇ તેમની નજીકમાં જ ઊભેલા. તેમણે આ વાતો ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી. એ વાતોનો સાર એ હતો કે ગમે તેવું દુઃખ આવી પડે તોપણ ધીરજ ના ગુમાવવી. બધુ પ્રભુની મરજી પ્રમાણે થયાં કરે છે એવું સમાધાન રાખવું ને ધરતીના જેવી સહનશીલતા મનમાં ધારણ કરવી. તે ભાઇએ તો આ સદુપદેશની વાતોને સહજ માની ખાસ લક્ષ તે તરફ ન આપ્યું. પરંતુ શ્રી જેસીંગભાઇને થયું કે શ્રી રામજી બાપાએ એ ભાઇને એકલાને જ પાસે બોલાવી આ



સદુપદેશ કેમ આપ્યો? એની પાછળ કોઇ રહસ્ય અવશ્ય હોવું જોઇએ. પાછળથી તેઓ તે ભાઇને મળ્યા અને ખાત્રી કરી કે રામજી બાપાએ જે વાતો કરી તે પોતે સમજ્યા હતા તે પ્રમાણેની હતી કે કેમ! તેમને પ્રતીતિ થઇ કે તેઓ બરાબર સમજ્યા હતા. આથી જીજ્ઞાસાથી પૂછ્યું કે તે ભાઇના જીવનમાં હાલ કોઇ દુઃખદ શોકમય ઘટના બની ગઇ છે ખરી? તે ભાઇએ એવું કંઇ ન બન્યાનું જણાવ્યું. આથી જેસીંગભાઇને થયું કે જરૂર કોઇ દુઃખદ ઘટના એ ભાઇના જીવનમાં બનવાની છે, તેની આગાહીરૂપે સદ્‌ગુરુ શ્રી રામજીબાપાએ એમને ધીરજ રાખવાની એ શીખ આપી હોવી જોઇએ.

તેઓની આ પ્રકારની શંકા સાચી પડી. છ દિવસ પછી જ તે ભાઇના એકના એક યુવાન પુત્રને હડકાયુ કુતરું કરડયું અને તેથી તેનું મરણ થયું. વળી મરનાર પુત્રની વહુને પણ હડકવા થયો અને તેનુંય અવસાન થયું. આમ એ ભાઇનું સાંસારિક જીવન ખૂબ દુઃખદ બની ગયું.

આ વિગત જાણ્યા પછી શ્રી જેસીંગભાઇને રામજીબાપાની સમર્થતાનો સાચો ખ્યાલ આવી ગયો. આ ઘટના જાણે શ્રી જેસીંગભાઇને રામજીબાપા પ્રત્યે ખેંચવા માટે જ પ્રભુએ ઘટાવી એમ લાગ્યું.

તે પછી તો રામજીબાપાને પોતાના ઘરે પધરામણી કરવા તેડી લાવવા બેત્રણ વાર પ્રયાસ કર્યા પણ તે નિષ્ફળ ગયા. તેમના આવા પ્રયાસોમાં ઘરના વડીલનો પૂરો સહકાર ના મળ્યો. એક પ્રસંગે તેઓએ તેમના પિતાજીને રામજી બાપાને પધરામણી માટે આમંત્રણ આપતી ચિઠ્ઠી લખી આપવા ઘણું કહ્યું, પરંતુ તેઓના

પિતા શ્રી હરિભાઈએ એવી દલીલ કરી ચિઠ્ઠી ના લખી આપી કે તે સમયે ખેડુતોને ખેતરમાંથી મકાઈનો પાક લણવાના દિવસો હતા. ત્યારે આવી સત્સંગની બેઠકમાં સાથ આપવા કોણ આગળ આવે? વળી સંતને તેડી લાવીએ એટલે ઘણા બધા માણસોની રહેવા જમાડવાની વ્યવસ્થા પણ કરવી પડે. અને જો તે સારી રીતે ના થાય તો ભૂંડું દેખાય.

વ્યવહારિક દૃષ્ટિએ એમના પિતાની વાત સાચી હતી, પરંતુ જેના દિલમાં ગુરુની સમર્થતાનો ભરોસો પેદા થઈ ગયો હોય, તેના મનને આવી લૌકિક ગણતરીની વાતો શી રીતે અસર કરે! તેનું મન તો સદ્‌ગુરુની પોતાના ઘરે પધરામણી કરવા સતત ઝંખતું રહેતું હોય.

તેમણે પિતાને સામેથી દલીલ કરતાં જણાવ્યું કે અમે ચાર ભાઈઓ છીએ. એમાંથી ન કરે નારાયણ અને એકાદનું અવસાન થાય તો આપણે દસબાર દિવસ સ્નાનસૂતકના કાઢીએ ખરા કે નહિ! તો આ તો માત્ર બે દિવસનો જ સવાલ છે અને તે પણ ભગવાનના કામ માટે. પરંતુ પિતાના ગળે જેસિંગની આ દલીલ ના ઉતરી. તેઓએ સદ્‌ગુરુને આમંત્રણ આપતી ચિઠ્ઠી ના લખી આપી. તે ના જ લખી આપી.

પરંતુ જેસીંગભાઈ આથી નિરાશ ના થયા. તેમણે પિતાના નામે બનાવટી ચિઠ્ઠી લખી રામજી બાપાને પહોંચાડી. પરંતુ સર્વ સમર્થ ગુરુએ એ ચિઠ્ઠી જોઈ તુરત કહ્યું કે આ હરિભાઈની ચિઠ્ઠી ના હોય! એ શબ્દો સાંભળતા જ તેઓ ઝંખવાણા પડી ગયાં. પરંતુ ગુરુ તેના હૃદયનો સદ્‌ભાવ જાણી ગયેલા. એટલે આશ્વાસન આપતાં કહ્યું કે ભવિષ્યમાં કોઈવાર તમારે ત્યાં આવીશું.



પરંતુ વિધિની વિચિત્ર ગતિ કોણ જાણી શકે! શ્રી જેસીંગભાઈની પોતાના સદ્‌ગુરુને પોતાને ત્યાં તેડી લાવવાની ઇચ્છા પૂરી ના જ થઈ. શ્રી રામજી બાપાની માંદગી પ્રસંગે તેઓ લક્ષ્મીપુરા પહોંચ્યા અને ગુરુનાં ચરણ પકડી કહ્યું, "આપ જશો પછી અમારે આધાર કોનો?"

શ્રી રામજી બાપાએ પાસે ઊભેલા નાથુજીને બતાવી કહ્યુ, "આ નાથુજીમાં અમે રહીએ છીએ અને અમારામાં એ રહે છે. એટલે એમનો સત્સંગ કરતા રહેજો." આમ સદ્‌ગુરુએ શ્રી નાથુજીનો સત્સંગ કરવાની આજ્ઞા કરી.

શ્રી રામજી બાપાની માંદગી દિનપ્રતિદિન વધતી ગઈ. અંતિમ ઘડી નજીક લાગી એટલે ગાંઠિયોલ શ્રી જેસીંગભાઈને જલ્દી આવવા કહેણ મોકલ્યું, પરંતુ સદ્‌ગુરુની અંતિમ ઘડીના પ્રસંગે હાજર રહેવાનું એમના ભાગ્યમાં નહિ એટલે ઘરમાં પત્નીને મોટી માતા પધારેલાં હોવાથી તુરત ના જઈ શક્યા. બે દિવસ પછી જ્યારે ગયા તો અડધે રસ્તે જ ગુરુના સ્વર્ગવાસ અને અગ્નિસંસ્કાર થઈ ગયાના સમાચાર સાંભળી, ભારે વ્યથિત હૈયે ગામ પાછા આવ્યા.

પરંતુ જે આત્મિક ચેતનાની જાગૃતિ આંતરિક રીતે થઈ ગયેલી તે બુઝાય શી રીતે! આથી શ્રી જેસીંગભાઈએ શ્રી નાથુજીને મળવાનું ને તેમને સત્સંગ કરવાનું શરૂ કરી દીધું.

ગુરુ શ્રી રામજી બાપાના પ્રમાણમાં શ્રી નાથુજી વધારે શિક્ષિત હતા. તેમને ધર્મશાસ્ત્રનો થોડો અભ્યાસ પણ હતો. તેઓ હિસાબી કામમાં એક્કા હતા અને સારા નામાવટીઆ તરીકે તેમની ખ્યાતિ હતી. વળી તેઓ ખૂબ નીડર અને સારું એવું આત્મિકબળ

ધરાવતા. એટલે તેઓ કોઈપણ ઠેકાણે અન્યાય કે ખોટું થતું સાંખી શકતા નહિ. કહેવાય છે કે એક પ્રસંગે ખોટું કરવા માટે તેઓએ ગામના ઠાકોરને તમાચો મારી દીધેલો! તે જમાનામાં આવું કરવાની કોઈ કલ્પના સુદ્ધાં ના કરી શકે કારણ રજવાડાંઓમાં ઠાકોરશાહી ચાલતી અને તેઓ કહે તે કાયદો ગણાતો. આવા સમયમાં કોઈ ગામના ઠાકોરને તમાચો મારવો એવું દુઃસાહસ કોઈ વિરલ જ કરી શકે, જે કોઈથી કદી ડરતો ના હોય.

એકવાર તેઓ નાર કોઈ કારણ પ્રસંગે જઈ રહ્યા હતા. રસ્તે જતાં ઈડર આવે. એમને થયું લાવને આપણા ખેડુતો ભેંસના પાડાઓને પાંજરાપોળમાં મૂકી આવે છે તો તેમની ત્યાં કેવી સંભાળ થાય છે તે જોઈ આવું. પરંતુ ત્યાં જઈને તેમણે જે જોયું તેનાથી તેમના હૃદયને ભારે દુઃખ થયું. એક પાડોરું ભૂખથી મરી ગયેલું અને બીજાં ભેગાં પૂરાયેલાં પાડોરાંએ એને છૂંદી કાઢેલું. મૂંગા જીવોની આ યાતના તેમનાથી ના જોવાઈ. તેઓ તુરત જ પાંજરાપોળના વહીવટ કર્તાઓને મળ્યા. તેમની આવી બેદરકારી બદલ ઠપકો આપ્યો અને દરરોજ વધારાનું બે ગાંસડી ઘાસ નંખાય તેની વ્યવસ્થા પણ કરાવી. પાડાઓની સારી જાળવણી થાય તે માટે પાડાઘરની તેમની કલ્પના પ્રભુકૃપાથી શ્રી જેસીંગ બાવજીએ પૂરી કરી. રૂ. ચારપાંચ લાખના ખર્ચે પાડાઓ માટેનું સરસ સગવડોવાળું પાડાઘર ઈડર પાંજરાપોળે બાંધ્યું છે. આવી હતી એમની જીવદયા.

શ્રી રામજી બાપાની ભૌતિક વિદાય પછી તેઓના અનુયાયીઓ શ્રી નાથુજી બાવજીના સત્સંગનો લાભ લેવા માંડયા હતા. બીજાઓને તો એ લાભ કેટલો પહોંચ્યો તે તેઓ જાણે, પણ શ્રી જેસંગભાઈને તો દિન પ્રતિદિન તેમની લગની લાગી ગઈ. તેમને



શ્રી રામજી બાપાની બે વાતો બરાબરની અસર કરી ગઈ હતી. પહેલી કોઈ નવો કર્માશય વધે તેવા કાર્યોનો આરંભ ન કરવાની અને બીજી પરિગ્રહ એટલે ભેગું ન કરવાની. આ બને વાતો ભગવાન પર જેને સાચો ભરોસો બેસી ગયો છે, તેની શ્રદ્ધાની કસોટીરૂપ છે, કારણ જો ઈશ્વરની ઇચ્છા પ્રમાણે જ બધું થતું હોય તો આપણે આપણી ઇચ્છાથી નવાં કાર્યોનો આરંભ કરીને એની ઇચ્છાને યોગ્ય રીતે કામ કરતાં શા માટે અવરોધવી? એના કરતાં પ્રભુ સહજ રીતે જે કાર્ય કરાવે તેનો મૂંગામૂંગા સ્વીકાર કરી લઈને પ્રભુની ઇચ્છામાં આપણી ઇચ્છા ભેળવી દેવી. જેથી કોઈ નવો કર્માશય ઊભો ના થાય. નવાં સંચિત કર્મો ભેગાં ના થાય અને નિઃસ્વાર્થભાવે પ્રભુની ઇચ્છા મુજબ શરીરથી કામો થયાં કરે.

બીજી વાત રહી પરિગ્રહની. માણસને પરિગ્રહ કરવાની ઇચ્છા એ માટે થાય છે કે બીજા દિવસે અને ભવિષ્યમાં એની જરૂરિયાત મુજબનું એને પ્રભુ યથાસમયે આપી રહેશે કે કેમ? એ વાત ઉપર પાકો વિશ્વાસ નથી. એટલે એ ધન, અનાજ, કપડાં, ઘરબાર અને ઘરેણાં જેવી અનેક ભૌતિક વસ્તુઓનો સંચય કર્યે રાખે છે. પરંતુ જે જીવને પ્રભુની કે ગુરુની સર્વસમર્થતામાં પાકો ભરોસો એકવાર બેસી ગયો. એ ચિન્તા શું કામ કરે? અને ભેગુંય શું કામ કરે! શ્રી જેસીંગ બાવજી કહેતા કે માણસ સિવાય આ મૂંગા જીવો અને પક્ષીઓ ક્યાં ભેગું કરે છે, છતાં તેમનો ઉદર નિર્વાહ પ્રભુ ચલાવે છે.

શ્રી નાથુજી બાવજીની શિક્ષા અને સત્સંગથી તેઓની આ ભાવનાને પુષ્ટિ મળતી રહી અને ભગવાન પરનો ભરોસો દિન-પ્રતિદિન વધતો જ રહ્યો. શ્રી જેસીંગ બાવજીને શ્રી નાથુજીનો સત્સંગ અને સહેવાસ એટલો બધો ગમતો કે તેઓ જ્યારે

ગોધમજી આવતા ત્યારે જેસીંગ બાવજી સતત તેમની પાસે જ સાથે જ રહેતા. ખેતરનું કોઈ કામ કરતા નહિ. બધું પ્રભુના ભરોસે છોડી દેતા. તેઓનો આવો વ્યવહાર ઘરનાં બીજાંઓને નો'તો ગમતો, અને તે માટે તેમને ઘણુ સાંભળવું પણ પડતું, પરંતુ તેની કોઈ અસર એમના વીતરાગી મન પર ન થતી.

તો ઘણીવાર એવું પણ થતું કે શ્રી નાથુજી બાવજીનો મેળાપ થોડા દિવસ ના થયો હોય તો દિવસ પૂરો થતાં ખેતીકામ પતાવી રાતે તેઓ ચાલીને મુનાઈ પહોંચી જતા અને શ્રી નાથુજી સાથે આખી રાત સત્સંગ કરીને, બીજો દિવસ ઉગતાં ઘેરે આવીને હાજર થઈ જતા. તેઓની આ પદ્ધતિથી ઘરવાળાઓને તેમને ખેતીકામની ઉદાસીનતા માટે કાંઈ કહેવાપણું ન રહેતું. જે જીવને સાચા સંતપુરુષની ઓળખ થઈ ગઈ હોય અને સત્સંગનું સાચું મૂલ્ય સમજાઈ ગયું હોય, તેને આવા પરિશ્રમનો થાકેય ન લાગે ને કંટાળો પણ ના આવે. આમ દિન પ્રતિદિન શ્રી જેસીંગભાઈનો આંતરિક આત્મવિકાસ થતો રહ્યો ને તેમનું મન એક પ્રકારના આંતરિક આત્મિક આનંદનો અનુભવ કરી, મસ્તી અનુભવતું રહેતું. બીજી બાજુ ઘરમાં ચાર છોકરીઓ મોટી થતી ગઈ. તેમને પરણાવવાની સાંસારિક જવાબદારી માથે ઊભી થતી રહી, છતાં તે માટેની કોઈ ચિન્તા તેમને થતી નહિ. એમને ભગવાન પર પૂરો ભરોસો બેસી ગયેલો અને એની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લીધા પછી એમને થતું કે જેને માથે હજાર હાથવાળો ધણી બેઠો હોય જે ખેતરના કણમાંથી મણ કરી આપતો હોય તે મારું આવું કામ શું નહિ પાર ઉતારે?

(વધુ આવતા અંકે)

○



# મંત્રજપ લેખન પ્રવૃત્તિ

મંત્રજપ લેખનની પ્રવૃત્તિ સરસ રીતે ચાલી રહી છે. અત્યારે તેમાં ૧૨ કેન્દ્રોના ૮૧૭ જેટલાં ભાઈબહેનો ભાગ લઈ રહ્યાં છે ને ૩ કરોડ ૨૦ લાખ મંત્રો લખાયા છે. અત્યાર સુધીમાં શ્રી પ્રભુભાઈ હળવદિયા મોરબીના ગ્રૂપે બે કરોડ મંત્રલેખનનું કામ કરી સૌથી મોખરે છે.

આ ઉપરાંત રાજકોટ, મોરબી, અમદાવાદ અને કપૂરાનાં કેન્દ્રોએ પણ અનુક્રમે ૩૭, ૩૩, ૨૨ અને ૧૨ લાખ જેટલા મંત્રજપો લખ્યા છે.

આ મંત્રજપ લેખનની પ્રવૃત્તિનું સંકલન કરતા શ્રી સંજય ચંદ્રકાન્ત પંડયાનું એવું સૂચન છે કે દરેક કેન્દ્ર કે વ્યક્તિ પોતે કેટલા મંત્રજપ લખ્યા તેની વિગત તા. ૧–૨–૯૩ અને તે પછી તા. ૧–૩–૯૩ ના અહેવાલો વેળાસર મોકલાવે તેમ જ મંત્ર-લેખનની બુકોનાં પેકેટો તૈયાર કરી, તેના ઉપર કેન્દ્ર કે વ્યક્તિના નામ સાથે મંત્રની સખ્યા દર્શાવવી. તેમ જ તા. ૧૮ માર્ચે જ્યાં કાર્યક્રમ હોય ત્યાં સાથે લાવવી. અથવા પહોંચાડવી.

અંતિમ અહેવાલની ત્રણ નકલો શ્રી સંજયભાઈને રાજકોટ મોકલવી.

○

# યોગિનીકુમારી

લેખક : વિશ્વવંદ્ય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

ઓગસ્ટ '૯૨ ના અંકમાં યોગી સુરેશ્વરાચાર્ય પોતાની ઈચ્છા અનુસાર પાર્થિવ તનુનો અંત લાવે છે તે વિષે જાણ્યું. હવે તેમના પૂર્વ જીવન વિષે ટૂંકમાં જાણવું યોગ્ય થશે.

સુરેશ્વરાચાર્યનાં પત્ની વીશ વર્ષની વયનાં લક્ષ્મીધર નામે પુત્રને મૂકી પોતાની જીવનયાત્રાની સમાપ્તિ કરે છે. લક્ષ્મીધર ઉપર સુરેશ્વરાચાર્યનો અપ્રતિમ સ્નેહ છે. લક્ષ્મીધરને ઉત્તમ શિક્ષણ આપવામાં આવેલ, તેથી તે ઘણો જ બુદ્ધિમાન છે. સુરેશ્વરાચાર્ય આ પ્રિય પુત્રને યજ્ઞદત્ત નામના પોતાના એક મિત્રને સોંપી રસસિદ્ધિનું જ્ઞાન પ્રાપ્ત કરવા દેશ, વિદેશમાં પરિભ્રમણ કરે છે. તેમના અથાગ પ્રયત્નને અંતે તિબેટના એક યોગી દ્વારા આ વિદ્યા સંપાદન થાય છે. આવા સિદ્ધોનું એક મંડળ છે. તેઓ દર વર્ષે જુદા જુદા સ્થળે નક્કી કરેલ સ્થળે અને સમયે મળે છે અને પરસ્પર પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરે છે. અહીં અનેક વિષયો ઉપર ચર્ચા વિચારણા કરે છે. અને ફરી પાછા પોતાના સ્થાને ચાલ્યા જાય છે.

યજ્ઞદત્તને રતનજી નામના એક પારસી ડોક્ટર સાથે સારો પરિચય છે. પરિણામે લક્ષ્મીધર પણ તેના પરિચયમાં આવે છે. અંગ્રેજી વિદ્યાના શિક્ષણથી રતનજી જડવાદી થયો છે. તે ઈશ્વરના અસ્તિત્વમાં માનતો નથી. તેણે ગામમાં એક સભા સ્થાપી હતી,



તેમાં તે વારંવાર વ્યાખ્યાનો આપતો. તેની વક્તૃત્ત્વશક્તિ સારી હોવાથી શ્રોતાઓને પોતાના વિચારો ઝટ ઠસાવી દે છે. લક્ષ્મીધર પણ યજ્ઞદત્તની સાથે આવી સભામાં ઘણી વાર જતો. પરિણામે તે પણ જડવાદી જેવો જ બની ગયો હતો. સુરેશ્વરાચાર્ય જ્યારે રસસિદ્ધિનું જ્ઞાન પ્રાપ્ત કરી પાછા આવે છે ત્યારે પોતાના પુત્રની આ સ્થિતિ જોઈ ખૂબ જ ખિન્ન થાય છે.

લક્ષ્મીધરના હૃદયમાં પોતાના પિતા બંધ બારણે કયા અત્યંત ગુપ્ત કાર્યમાં વ્યસ્ત રહે છે તે જાણવાની તાલાવેલી લાગે છે. આ વિષે તે તેના પિતાને વારંવાર પૂછે છે. તેથી વૃદ્ધ તેને રસવિદ્યા અંગે કેટલુંક સમજાવે છે. પરિણામે તેની જિજ્ઞાસા વૃત્તિ ખૂબ જ જાગ્રત્ બને છે અને રસવિદ્યા વિષે અધિક જાણવા તે આતુર બને છે. સુરેશ્વરાચાર્ય પોતાના પુત્રને જિજ્ઞાસુ સમજી રસવિદ્યાનાં કેટલાંક પુસ્તકો વાંચવા આપે છે, પરંતુ તેમાં તેને કશી જ સમજ પડતી નથી.

લક્ષ્મીધર અનેક દાખલા, દલીલો અને તર્ક વિતર્કો રજૂ કરી પિતાને રસસિદ્ધિનું જ્ઞાન પોતાને આપવા માટે વારંવાર વિનવે છે. પિતા પુત્રને સમજાવે છે કે એક પિતા પોતાના પુત્રને શ્રમથી પ્રાપ્ત કરેલ ધનસંપત્તિ આપી શકે, પરંતુ ધનની પેઠે પોતાની વિદ્યા સંપત્તિ પુત્રને શી રીતે આપી શકે? વિદ્યા મેળવવા માટે તો પુત્રએ પોતે જ પરિશ્રમ કરવો જોઈએ. પિતા પુત્રને કહે છે કે મેં તૈયાર કરવા માંડેલો રસ થોડા દિવસ થયાં સિદ્ધ થયો છે, તે રસમાંથી તને થોડો આપું પણ વિદ્યા તો તને શી રીતે આપી શકું?

પુત્ર કહે છે કે તે રસ વપરાઈ જાય એટલે હું તો પાછો ભિખારીનો ભિખારી જ રહેવાનો. તે પિતાને પોતાની તર્કબુદ્ધિ

દ્વારા અનેક રીતે સમજાવવા મથે છે કે "વિદ્વાનો કહે છે કે જો આપવાથી ગૃહણ કરનારની દીનતા ન ટળે તો તે આપ્યું ન આપ્યા બરાબર જ છે. ઔષધ ખાતાં ચાર દિવસ રોગ મટે પણ જો પાંચમા દિવસે પાછો તે રોગ આવી ઉભો રહે તો તેવું ઔષધ ખાધું તોયે શું ને ન ખાધું તોયે શું? વિદ્યા શ્રમ વિના આવડે નહિ, એ આપનું કહેવું સાચું છે. પણ આ વિદ્યા કંઇ સિદ્ધાંત–કૌમુદીનાં કે ન્યાયનાં સૂત્રોને ગોખવા જેવી નથી. જેમ સિતોપલાદિ ચૂર્ણ કયા કયા પદાર્થોનું બને છે તે જાણવું જરૂરી છે પરંતુ તે માટે વાગભટ્ટ કે ચરકનો અભ્યાસ કરવાની જરૂર રહેતી નથી. તેમ રસ પણ કયા કયા પદાર્થોનો બને છે તે જાણવાથી તે બનાવતાં આવડી જાય છે તો પછી આ વિદ્યાનાં જ્ઞાનમાં બીજી વિદ્યાના જેવો પરિશ્રમ કરવાનો ક્યાં રહે છે? આવા આવા તર્કો કરી લક્ષ્મીધર પિતાને રસવિદ્યાનું જ્ઞાન આપવા માટે વારંવાર વિનવે છે.

વૃદ્ધને વિચાર આવે છે કે પોતે ભરતખંડમાં સર્વ સ્થળે ફરી વળ્યા છે, પરંતુ એક પણ રસસિદ્ધ મહાત્માનું અસ્તિત્વ હોય તેમ જણાયું નથી. તેથી પોતાને જ્યારે તિબેટના પેલા મહાત્માનું પદ લેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે ત્યારે ભરતખંડમાં આ વિદ્યાનો કેવળ અભાવ થઇ રહે તેના કરતાં મારા પુત્ર જેવો એક રસસિદ્ધ પણ આ દેશમાં વિચરતો હોય તો આ આર્યપ્રજાને અધિક લાભ થાય. વૃદ્ધના હૃદયમાં આવા વિચારો ક્રમે ક્રમે સ્ફુરવા લાગે છે અને તેનો નિશ્ચય ઢીલો થતો જાય છે, પરિણામે વૃદ્ધ પોતાના પુત્રને પ્રયોગશાળામાં લઇ જાય છે અને રસવિદ્યાનું રહસ્ય બતાવી દે છે.

કોઇ પણ જાતના પરિશ્રમ કર્યા વગર પ્રાપ્ત થએલ વિદ્યામાં લક્ષ્મીધરને શ્રદ્ધા જન્મતી નથી. આવા ક્ષુદ્ર મલિન પદાર્થોમાંથી



રસ જેવી અલૌકિક વસ્તુ બને તેને માટે તેને આશંકા થાય છે. તે વિચારે છે કે આવા પદાર્થોમાં આવો દેવદુર્લભ ચમત્કાર બને જ શી રીતે? તે પોતાના પિતાને કહે છે કે "તમે મારાથી જરૂર કાંઇ ગુપ્ત રાખો છો."

પિતા કહે છે "પુત્ર! આટલા માટે જ સ્વપ્રયત્નથી આ વિદ્યા પ્રાપ્ત કરવાનું વિધાન કરાયેલ છે. જો તારા પોતાના પ્રયત્નથી તને આ જ્ઞાન થયું હોત, તો તે તને આટલું તુચ્છ ન લાગત. તું મારા ઉપર તને ઠગવાનો આરોપ મૂકે છે, પણ પ્રયોગ કરી જોતાં તને સ્પષ્ટ થશે કે મેં તને ઠગ્યો નથી. તને બતાવ્યા એ જ પદાર્થોનો રસ તૈયાર થાય છે."

પિતા પુત્ર વચ્ચે આ વાર્તાલાપ ચાલતો હતો એટલામાં તો પવન ફૂંકાવા લાગ્યો, આકાશ ઘરઘોર થઇ ગયું, મોટાં મોટાં ફોરાં પડવા લાગ્યાં અને વીજળીના ચમકારા સાથે મુશળધાર વૃષ્ટિ થવા લાગી. દરમ્યાન લક્ષ્મીધરને શૌચ જવાની વૃત્તિ થતાં શૌચ જાય છે અને વીજળી પડવાથી ત્યાં જ તેનુ મૃત્યુ થાય છે.

વીજળીના ત્રણ કડાકા ગગનમાં થયા, સાથે જ પ્રયોગ-શાળાનાં બંધ કરેલાં દ્વાર ફડાફડ ઉઘડી જાય છે અને તેમાંથી તિબેટના જે મહાત્મા પાસેથી વૃદ્ધે આ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તે પ્રગટ થાય છે. તેમને અકસ્માત પ્રકટેલા જોઇ વૃદ્ધ એકદમ ચમકી ઊભા થઇ જાય છે! શરીર ભયથી કંપી ઉઠે છે. સાષ્ટાંગ કરવાનું પણ તેને ભાન રહ્યું નથી; અને હાથ જોડીને ફાટી ગયેલ નેત્રે તથા ધ્રૂજતે શરીરે તેમની સામું જોઇ રહે છે.

મહાત્મા બોલ્યા, "અવિવેકી મનુષ્ય! તને સોંપેલી મહામૂલ્ય-વાન્ સંપત્તિનું તું રક્ષણ કરી શક્યો નથી. પુત્રના સ્નેહથી અંધ

થઇ તેં કર્તવ્યનું વિસ્મરણ કર્યું છે. આજે તેં તારા પુત્ર પાસે વિદ્યાનું રહસ્ય ખુલ્લું કર્યું. કાલે તારો પુત્ર અવિચારથી રતનજીને આ મહાવિદ્યા બતાવે, પરમ દિવસે એ રતનજી બમનજીને બતાવે, બમનજી ફરદુનજીને ને ફરદુનજી હોરમસજીને બતાવે એમ પરંપરાગત ગમે તેવા અનાધિકારીઓને આ રહસ્ય હસ્તગત થાય.

આ વિદ્યાનું તને સંપૂર્ણ વિસ્મરણ થઇ જાઓ, એવો શાપ તને આપવા પ્રથમ અમારા સિદ્ધમંડળ ધારેલું, પરંતુ તેમ કરવું મને બહુ નિષ્ઠુરતાભર્યું જણાવાથી મેં તારે માટે આ પ્રકારની સૌમ્ય શિક્ષા ઠરાવી છે. તને વિદ્યાનું વિસ્મરણ ન થાય પરંતુ સ્ત્રીના પેટમાં કોઇ ગુપ્ત વાત ટકી શકતી નથી, પુરુષ છતાં તેં સ્ત્રીસ્વભાવને તારા અંતઃકરણમાં સ્થાન આપ્યું તેથી તું તારા કર્માનુસાર સ્ત્રી જન્મને પામીશ. સ્ત્રી જન્મ ક્યારે અંગીકાર કરવો તે અમે તારી ઇચ્છા ઉપર છોડયું છે. આ વિદ્યા કે હવે પછી તું જે જે વિદ્યા પ્રાપ્ત કરીશ તેની સ્ત્રી જન્મમાં પણ સ્મૃતિ જળવાઇ રહેશે. એકવીશ વર્ષ સ્ત્રી શરીરમાં રહ્યા પછી તું શાપ મુક્ત થઇશ. દેખીતી રીતે આ શિક્ષા જેવું જણાય છે પરંતુ તેથી તારું હિત જ થશે. વિપત્તિ મનુષ્યોનાં દુર્ગુણો બાળવાને માટે, તેમનામાં ગુપ્ત રહેલાં સદ્‌ગુણોના બીજોને પોષવાને માટે તથા અનુભવનું સાચું જ્ઞાન તેમને આપવાને માટે આવે છે. તેથી વિપત્તિને તું સંપત્તિરૂપ ગણજે. એમ કહી મહાત્મા અદૃશ્ય થઇ ગયા.

વૃદ્ધ હજી દિગ્મૂઢ સરખા ઊભા જ હતા. થોડી વારે વૃદ્ધમાં ચેતના આવી. અસ્વસ્થ હૃદયને તેમણે બળથી શાંત કર્યું. તેઓ વિચાર કરવા લાગ્યા કે જે બન્યું છે તે હવે મિથ્યા થનાર નથી. સનતકુમારને પાર્વતીના શાપથી ઊંટનું શરીર પ્રાપ્ત થએલ. ભરતને



હરણના સ્નેહથી હરણના શરીરમાં નિવાસ કરવો પડેલ. ઘણા દેવો શાપથી વિવિધ ક્ષુદ્ર યોનિને પામ્યા છે. કોઇ સાપ થયો છે, તો કોઇ રીંછ. કોઇ વૃક્ષ થયો છે તો કોઇ પાષાણની શિલા. ઘણાનું તો આ ક્ષુદ્ર યોનિમાં જ્ઞાન પણ નષ્ટ થઇ ગયું છે, જ્યારે મારું તો કશું જ નષ્ટ થયું નથી. મારું ખરું ધન જ્ઞાન તે તો મારા સ્વાધીનમાં રહ્યું છે. હું જેવો છું તેવો જ રહ્યો છું. તો પછી સ્ત્રીનું શરીર આવો કે બિલાડાનું કે ગધેડાનું આવો, તેમાં મારે શું? જે શરીર મળશે તેમાં ભારે પ્રસન્નતાથી મહામસ્ત થઇ વિચરીશ. આમ વિચારી વૃદ્ધે પોતાના મનની સર્વ વિકળતા શમાવી દીધી. લક્ષ્મીધરનું વીજળી પડવાથી મૃત્યુ થયું છે તે જોઇ વૃદ્ધના નેત્રમાં અશ્રુ ભરાઇ આવ્યાં, તોપણ તે તેમણે લૂંછી નાખ્યાં અને પ્રયત્નથી ઉદ્વેગને શમાવ્યો. સુરેશ્વરાચાર્યનું પૂર્વ જીવનનું આટલું વૃત્તાંત જાણ્યા પછી હવે મૂળ પ્રસંગ ઉપર આગળ વધીએ.

અગાઉના અંકમાં જણાવ્યા મુજબ સુરેશ્વરાચાર્ય ડોક્ટર મણિધરરાય સાથે યોગિનીનું શાસ્ત્રોક્ત વિધિ દ્વારા પવિત્ર મંત્રોચ્ચાર સાથે લગ્ન કરાવે છે. અને ડોક્ટર મણિધરરાયને યોગિની સંબંધી યોગ્ય સૂચનો કરી સ્વેચ્છાથી પોતાના પાર્થિવ શરીરનો ૧૨૫ વર્ષની વયે ત્યાગ કરે છે.

યોગિનીને ગુજરાતીનું સારું જ્ઞાન છે. સાધારણ સંસ્કૃતનું જ્ઞાન, ઉપરાંત ધર્મનાં મૂળ તત્ત્વોનું યત્કિંચિત્ જ્ઞાન ગુરુ સુરેશ્વરાચાર્ય દ્વારા પ્રાપ્ત થએલ છે. પરંતુ યોગ્ય સ્ત્રીત્વ આવવાને માટે આ જ્ઞાન પૂરતું ન હોવાથી તેમણે શરીર ત્યાગ કરતાં પહેલાં મણિધરરાયને જણાવેલ છે કે યોગિનીની ઉંમર ફક્ત અગિયાર વર્ષની છે. તેથી તેને ઉત્તમ પત્ની, માતા અને ગૃહિણી બનવા માટે સર્વ શિક્ષણ તથા તે ઉપરાંત બીજું જે જે જાણવાની જરૂર છે તે

માટે તેમણે પાંચ વર્ષ સુધી પચાસ ગાઉને અંતરે સૂચવેલ ગામમાં સાવિત્રીબાઈ નામની પચાસ વર્ષનું વય ધરાવતી અને સુરેશ્વરાચાર્યની પરિચિત એક વિધવા પાસે રહેવા મોકલવી. સુરેશ્વરાચાર્યે તે વિષે સાવિત્રીબાઈને પણ સૂચના કરેલ છે તથા પાંચ વર્ષ સુધી યોગિનીના નિર્વાહ માટે જેટલું જોઈએ તેટલું દ્રવ્ય પણ સાવિત્રીબાઈને આપેલ છે. યોગિનીનો પાંચ વર્ષનો સાવિત્રીબાઈ દ્વારા અભ્યાસ પૂર્ણ થયે પતિ–પત્નીના સંબંધથી તમે ઉભય રહો. એ સંબંધથી જે પ્રથમ પ્રજા થશે તેમાં હું પ્રવેશીશ અને એ શરીરવડે મારું રહેલું શેષ કર્તવ્ય સાધીશ.

અત્રે એ વાતનો ઉલ્લેખ કરવો ઘટે છે કે ડોક્ટર મણિધરરાય આગલા જન્મમાં યોગી સુરેશ્વરાચાર્યનો જ પુત્ર લક્ષ્મીધર હતો. યોગિની સર્વ ગુણ સંપન્ન તથા અપ્રતિમ સૌંદર્ય ધરાવતી સ્ત્રી છે. કુદરતે નિર્માણ કરેલાં સમય સુધી ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી એક બાળકીને જન્મ આપી, યોગિની પોતાના મૂળ સ્થાને સદેહે ધ્રુવલોકમાં ચાલી જાય છે.

તેની પુત્રી આબેહૂબ યોગિની જેવી જ છે. આ કન્યાના શરીરમાં માત્ર કદનો જ ભેદ હતો. ડોક્ટર મણિધરરાયની કામવાળી બાઈ જીવી તેને લાડમાં 'આ તો મારી બચુડી યોગિની છે' એમ નિત્ય કહેતી. જ્યારે જીવીને કોઈ પૂછે કે આ છોકરીનું શુ નામ છે ત્યારે તે 'આ તો મારી યોગિની છે' એમ હમેશાં ઉત્તર આપતી. તેથી ધીમે ધીમે સૌ તેને યોગિનીના નામથી જ ઓળખવા લાગ્યા. યોગિની જો કે સૌંદર્યમાં તથા આકૃતિમાં સર્વ પ્રકારે તેની માતાને મળતી આવતી હતી, તો પણ તેનો સ્વભાવ તેની માતાને જરા પણ મળતો ન હતો. તેની માતા નમ્ર અને ગરીબડી હતી, ત્યારે આ કોઈથી પણ ન દબાય એવી કડક અને



પોતાના જ વિચારપ્રમાણે વર્તનારી હતી. નાની બાલક છતાં તેના વિચારો પ્રૌઢ હતા. સ્વતંત્રતા તેને અત્યંત પ્રિય હતી. તેના સ્વાતંત્ર્ય ઉપર અન્ય કોઈ તરાપ મારે તે જરા પણ સહન કરી શકતી નહિ. પોતાના તેમ જ પારકાના હક્કોનો સર્વદા સ્વીકાર થવો જ જોઈએ એવો તેનો ન નિવારી શકાય એવો આગ્રહ હતો, સત્ય અને અસત્યને તત્કાળ તે જાણી જતી. તેને છેતરવાને કોઈ જૂઠી વાત બનાવીને કહે તો તેના સમજવામાં તે તરત જ આવી જતું, અને જૂઠી વાત કહેનારના સામું તે એવી તો અપ્રીતિની દૃષ્ટિથી જોતી કે આવા બાલકના મુખઉપર આવો ભાવ શી રીતે પ્રકટયો એ વિચારથી આશ્ચર્ય થતું. ઘરમાં કે બહાર મણિધરરાય વિના તે કોઈની આજ્ઞા માનતી નહિ; અને જો કે ડોક્ટરના વિચારોપ્રતિ તે અત્યંત માનની દૃષ્ટિથી જોતી તો પણ તેમને તે કદી પણ ચુંબન કરવા દેતી નહિ. જીવી કે બીજા કોઈની મગદૂર નહોતી કે તેઓ તેને છાતીસરસી દાબીને લાડ કરે, અથવા તેને ચુંબન કરે. નાનાં બાળકોને ઘણાં મોટાં માણસો જેમ રમાડે છે, ઉછાળે છે, અને તેની સાથે હજારો ચેનચાળા કરે છે, તેમાંનું કશું પણ તે પોતાને કરવા દેતી નહિ.

તેને પગ આવ્યા કે તરત જ મણિધરરાયના કે જીવીના ખોળામાં બેસવાનું તેણે બંધ કરી દીધું. ક્યાંય પણ બહાર જવું હોય તો જીવીની કેડે કદી બેસતી નહિ, પણ તેને માટે આણેલી ઠેલણ ગાડીમાં છૂટી બેસવાની હઠ લેતી. તે કોઈની આંગળી પકડીને કદી ચાલતી નહિ. નિરુપાયે જ તે અન્ય મનુષ્યને પોતાના શરીરને અડવા દેતી. આનું કારણ તે સમયે મણિધરરાયને સ્પષ્ટ થયું ન હતુ. પરંતુ આગળઉપર પછી સ્પષ્ટ થયું. તેનું કારણ આ હતું.

યોગિની છેક બાલક છતાં તેની આંતરદૃષ્ટિ ઉઘડેલી હતી, અને તેથી તેના સંપર્કમાં જે જે મનુષ્યો આવતાં હતાં તેમના શરીરમાંથી સ્રવતા સૂક્ષ્મ દ્રવ્યના પ્રવાહને તે જોઇ શકતી હતી. પ્રત્યેક પ્રાણીમાંથી એક પ્રકારનું સૂક્ષ્મ દ્રવ્ય નિરંતર વહ્યાં કરે છે. આ દ્રવ્ય તે મનુષ્ય જેવા ગુણધર્મવાળું હોય છે, તેવા પ્રકારનું હોય છે. આ ગુણધર્મને પ્રત્યેક મનુષ્ય પારખી શકતા નથી; પરંતુ જેમની આંતર ચેતના જાગ્રત્ થયેલી હોય છે, તેવા યોગીઓ તેને પારખી શકે છે.

જે મનુષ્યો અધમ ભૂમિકામાં હોય છે, તેમનામાંથી વહેતા આ સૂક્ષ્મ દ્રવ્યનો જો તેમનાથી ઊંચી ભૂમિકાવાળા મનુષ્યને જો સંપર્ક થાય છે તો તે ઊંચી ભૂમિકાવાળાને ભારે ત્રાસ થાય છે. બે મનુષ્યો જો એક જ ભૂમિકાવાળા હોય અથવા જો તેમની ભૂમિકાઓમાં પરસ્પર વિરોધ હોતો નથી, તો તો તે બંનેને પરસ્પરના સંબંધથી અને સ્પર્શથી આનંદ થાય છે, પરંતુ જો એકની ભૂમિકા ઊંચી અને બીજાની નીચી હોય અથવા તો બંનેની ભૂમિકાને પરસ્પર વિરોધ હોય, તો ઊંચી ભૂમિકાવાળાને નીચી ભૂમિકાવાળાનો સંબંધ અથવા સ્પર્શ થવાથી ત્રાસ ઉપજે છે. આથી દુર્ગંધ નીકળતા પદાર્થોના સંબંધ અને સ્પર્શથી જેમ સુઘડ મનુષ્યો દૂર રહે છે, તેમ યોગિની જે મનુષ્યોનાં શરીરમાંથી હલકા પ્રકારના સૂક્ષ્મ દ્રવ્યનો પ્રવાહ નીકળતો જોતી, તેમના ખોળામાં કે કેડ ઉપર કદી પણ બેસતી નહિ. કોઇને ચુંબન પણ ન કરવા દેવામાં પણ તેનો આ જ હેતુ હતો. બાલિકા યોગિનીની આ જાતની વર્તણુંકનું રહસ્ય આગળ જણાવ્યા પ્રમાણે સ્પષ્ટ હતું. યોગી સુરેશ્વરાચાર્ય પોતાને મળેલ શાપ ભોગવવા માટે ૪, ડોક્ટર



મણિધરરાયને ત્યાં પુત્રી રૂપે આવિર્ભાવ પામેલ છે. પરિણામે બાલિકા યોગિનીમાં શિશુવયથી જ ઉચ્ચ સંસ્કારોનું દર્શન થતું. તેનું વય વધતાં તે યોગિનીકુમારીના નામે જ ઓળખાવા લાગી.

"અધ્યાત્મ"નાં ઓક્ટો–૮૮ નાં અંકમાં "સિદ્ધદેહની પાપ નિવારણ શક્તિ" એ શિર્ષક નીચે આ પ્રસંગને અનુરૂપ પરમ વંદનીય મા શ્રી સર્વેશ્વરીજીનો પ્રસંગ, મા શારદા મણિદેવીના પ્રસંગો, મા આનંદમયીમાનો પ્રસંગ તથા શ્રી રામકૃષ્ણદેવનો પ્રસંગ ટાંક્યો છે. તે પ્રસંગોને આ પ્રસંગ પુષ્ટી આપે છે તેથી 'અધ્યાત્મ'ના વાંચકવર્ગને, પ. પૂ. શ્રી યોગેશ્વરજી તથા મા સર્વેશ્વરીજીના જે ભક્તો, સાધકો શ્રદ્ધાભક્તિ રાખે છે તેઓને સારી રીતે સમજાઇ ગયું હશે કે આપણે સાંસારિક જીવો છીએ. આપણા જીવનમાં અનેક સાંસારિક વાસનાઓ તથા દુર્ગુણો ભરેલા છે તેથી સમજદાર વ્યક્તિએ મા સર્વેશ્વરીજીને તો નહિ પરંતુ કોઇ પણ સંત, મહાત્મા, કે સંન્યાસીને ચરણ સ્પર્શ કરવાની ચેષ્ટા ન કરવી જોઇએ. જેથી આપણાં સ્પર્શથી તેઓને શારીરિક યાતનાઓ ભોગવવી પડે. સંતો તો દયાના સાગર જેવા હોય છે. તેઓ કોઇને દુઃખી કરી શકતા નથી. તેથી આપણે આ બાબતમાં સદા સજાગ રહીએ. સંતો આપણી સાથે આંખ મેળવે તો પણ ઘણું છે.

# * ઉતાવળ નથી *

મને ભૈ! કશી ઉતાવળ નથી.
હજી તો લખ ચોર્યાસી બાકી!
પ્રતીતિ પુનઃ જન્મમાં પાકી
મનીષી થાકી ગયા કથી કથીઃ
મને ભૈ! કશી ઉતાવળ નથી.

મળતાં મળી ગયો છે મનખો,
કર્મો લખાય એટલાં લખો.
કરે જીવ કરવો હોય તે ડખો!
અન્ત લગ જંપ ન, રહેવું મથી
મને ભૈ! કશી ઉતાવળ નથી.

છે સૌ ઉપાધિઓ અતિક્રમવી,
અનુગ્રહ–ઝાંખી વિરલ ક્ષણ થવી,
અનુભૂતિ રળવાની અવનવી!
વૈષ્ણવી–પથના સૌયે પથી
મને ભૈ! કશી ઉતાવળ નથી.
મને ભૈ! નથી ઉતાવળ કશી.

ડો. રણજિત પટેલ (અનામી)



# પૂ. માની મમતા

શ્રગ્રાલ્ય નું

મમતા પી. ભાટીયા

સંસારમાં અનેક સંબંધો છે, પણ માનો જે નાતો છે તે અદ્‌ભુત છે, અજોડ છે અને અનોખો છે. માના ખોળામા જે હૂંફ અને મમતા મળે છે, તે દુનિયાની કોઈ પણ વસ્તુ કે ઐશ્વર્યથી મળી શકે નહિ. એક કવિએ ગાયું છે કેઃ–

'જનનીની જોડ સખી નહિ મળે રે લોલ.'

આ તો સાંસારિક માની વાત થઈ. પણ અમોને જે ગુરુરૂપી મા મળ્યાં છે તે આપણને હૂંફ ને મમતા તો આપે છે કારણ કે એ વાત્સલ્યમયી, કરુણામૂર્તિ છે, પણ સાથે સાથે આધ્યાત્મિક રસ્તા પર લાવી સાધકોના હૃદયમાં પ્રેમ, ભક્તિ અને શક્તિનો સંચાર કરે છે. આપણા પૂ. ગુરુદેવ તો વર્ષો પહેલાં કહી ગયા હતા, કે "મા સર્વેશ્વરી જગદંબા સ્વરૂપ છે, તીર્થરૂપ છે." 'સર્વેશ્વરી મહાદેવી સર્વ લોક નિવાસની, નમું તેને નમું તેને વારંવાર નમું નમું.'

આ વાત ૧૩ મી માર્ચ ૧૯૯૨ ની છે. મારી તબીયત થોડા મહિનાઓથી દિવસે દિવસે લથડતી જતી હતી. ડોક્ટરો જે પણ પરીક્ષણ કરાવાનું કહેતા તે બધા નોર્મલ આવતા, પરંતુ મારી છાતી અને પીઠમાં સતત દુખાવો રહેતો. ઘણી દવાઓ કરી પણ કોઈ ડોક્ટર નિદાન ન કરી શક્યા. પછી મારે એક્સરે કઢાવવા અમદાવાદ જવાનું થયું. તે દિવસે મા–પ્રભુ અમદાવાદમાં હતાં. મારી તબીયતને લીધે ૧૮ મી માર્ચે અંબાજી જવાનું શક્ય ન હતું.

અમદાવાદ જાઓ અને મા–પ્રભુ ત્યાં પધારતાં હોય તો દર્શન કર્યા સિવાય પાછાં કેમ અવાય? માલતીબેનને ફોન કર્યો અને એમણે જણાવ્યું કે શિબિરના કામાર્થે મા ખૂબ જ વ્યસ્ત છે, છતાં હું માને પૂછી તમને જણાવીશ. મારા પતિએ કહ્યું કે તમે સત્યપથ જઇ આવો, મા–પ્રભુનાં ત્યાં કદાચ દર્શન થઇ જાય. હું, મારી બા, અને મારો મોટો પુત્ર અમે સત્ય–પથ ગયાં.

સત્ય–પથ એક એવું પવિત્ર અને પાવન સ્થળ છે કે જેનો મહિમા ગાવા માટે મારી પાસે શબ્દો નથી, પણ એટલું તો કહીશ કે એ પવિત્ર ભૂમિ પર બેસવાથી જ કોઇ પણ પ્રકારના દુઃખ, રોગ કે સંતાપનો અનુભવ ન થાય, અમે સત્ય–પથ પહોંચ્યાં. મા–પ્રભુ જાણે પોતાના એક રોગી બાળકને જોવા અધીરાં હતાં. માએ કૃપા કરી, બધું કામ પડતું મૂકી દીધું. હું માના ચરણોમા બેસી ગઇ. માએ મારી તબીયત વિષે પૂછ્યું. મેં મારી બધી હકીકત કહી સંભળાવી. માનું હૃદય મારી વ્યથા સાંભળી દ્રવી ઉઠયું. મેં માને કહ્યું, "મા મને ઉધરસ ખૂબ રહે છે, શ્વાસ પણ ચઢે છે અને મારી ગળાની એક બાજુની સ્વરપેટી (Vocal cord) કામ ન કરતી હોવાથી હું ગાઇ પણ શકતી નથી. માએ કહ્યું, "ગાઓ, ગવાશે! મેં ગાવાની કોશિષ કરી જેના શબ્દો હતાઃ–

मैं तो आन पडी तेरे द्वार,
मुझ पे दया की नजर करो मोरी माँ,
मेरे सर पर रख दो हाथ,
मुझ पे दया की नजर करो मोरी माँ.

આ પ્રાર્થના હું ગાતી જતી અને અશ્રુઓની ધારાથી મારા ચેહરા પર નિશાન થઇ રહ્યું હતુ. મા પ્રભુથી આ કેમ સહન થાય? એમની સામે વ્યથિત હૃદયથી એમનું બાળક રડતું હોય!



માપ્રભુએ મને પ્રસાદીમાં એક સ્વેટર (રક્ષા કવચ) આપ્યું, એક ચપ્પૂ (મારાં દુઃખ દર્દ) કાપવા, એક ઓશિકું (સુખપૂર્વક જીવનમાં સુવા) અને એક મંજીરાની જોડ (સ્વસ્થ થઇ રામ ભજન) કરવા અને પોતાના વરદ્ હસ્તથી એક શાલ ઓઢાડી (માની છત્રછાયા હેઠળ સંસારના કોઇ પણ તાપ–સંતાપ નડશે નહિ.) આમાં માપ્રભુની કરુણા, મમતા અને દૂરદર્શિતાના દર્શન થાય છે.

ઠંડીએ એકદમ વિદાય લીધી હતી અને ગરમીનું આગમન થઇ ગયું હતું. પણ અચાનક ૧૫ મી માર્ચે સવારે ઠંડીનું મોજું શરુ થયું. દુઃખાવો તો ચાલુ જ હતો, મેં વિચાર્યું સ્નાન પછી નિત્યકર્મ કરી, કશુંક ખાઇને દવા લઇશ. સ્નાન પછી પેલું ઠંડીને કારણે માપ્રભુએ જે રક્ષાકવચ આપ્યું હતું તે પહેરી લીધું. માની કૃપા તો જુઓ કે મારું દર્દ ગાયબ થઇ ગયું! જે દુઃખાવાને કારણે હું રોજની ત્રણ ત્રણ ગોળીઓ લેતી હતી તે રક્ષાકવચ પહેર્યા પછી મને આજ સુધી લેવાની જરૂર જ ન પડી. એ દુઃખ-વિનાશની માએ મને કૃપાપાત્ર બનાવી મારો દુઃખાવો દૂર કર્યો. માપ્રભુએ મને કહ્યું હતું કે અમુક કર્મભોગ તો આપણે ભોગવવો જ પડે. જે રોગ(કેન્સર)નું નિદાન નહોતું થતું, કારણકે તે માટેનાં કોઇ પણ પ્રૂફ મળતાં ન હતાં. પણ માની કૃપાથી, માના આશિર્વાદથી ડોક્ટરે મારો ઇલાજ (Treatment)શરુ કર્યો. પહેલું જ ઇન્જેક્શન આપવા જે નર્સ આવ્યાં એમાં મને માપ્રભુનાં દર્શન થયાં એ ભયંકર રોગમાંથી મને નવમહિનાની અંદર જ મુક્તિ મળી અને માની કૃપાથી હું આજે એકદમ સ્વસ્થ છું. હે મા! મને ભવરોગથી પણ આજ રીતે મુક્ત કરજો. હે મમતાની મહાદેવી તમારી જય હો, જય હો. ■

# તરણા ઓથે ડુંગર રે !

ડૉ. લવકુમાર મ. દેસાઇ

મધ્યકાલીન કવિઓએ વ્યવહાર અને પરમાર્થની બાબતોને વિવિધ દૃષ્ટાંતો અને રૂપકો દ્વારા ખૂબ સમર્થતાથી સમજાવી દીધી છે. જ્ઞાની કવિ ધીરાએ અવળવાણીમાં ગાયું છે કે–

'તરણા ઓથે ડુંગર રે,
ડુંગર કોઇ દેખે નહીં.'

મોટોમસ ડુંગર પાસે હોવા છતાં માણસ તેને દેખી શકતો નથી, કારણકે આંખ સમક્ષ આવેલું નાનું અમથું તણખલું અવરોધક બને છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે નાનકડું તરણું સમસ્ત ડુંગર પર છવાઇ જાય છે.

વ્યવહારમાં પણ એમ જ બને છે ને? એક જ છત નીચે શ્વાસ લેતાં આપણાં સ્વજનોને ક્યારેક સાચા અર્થમાં આપણે ઓળખી શકતા નથી. 'અતિપરિચયાત્ અવજ્ઞા' એ ન્યાયે તેઓ એટલા બધા નિકટ અને પ્રગટ છે કે તેમની ગુણવિશેષતા તરત ખ્યાલમાં આવતી નથી. પણ કોઇ બહારની વ્યક્તિ તે તરફ અંગુલિનિર્દેશ કરે અને મોંફાટ વખાણ કરે ત્યારે આપણને ખ્યાલ આવે છે કે મૂલ્યવાન્ પારસમણિ તો ઘરમાં જ પડયો હતો!

ભૂતકાળમાં પ્રતિભાવિશેષ મહાનુભાવો માટે પણ આમ જ બન્યું હતું ને? સ્વામી વિવેકાનંદની જ્ઞાનપ્રતિભાને સૌપ્રથમ અમેરિકાએ ઓળખી અને પૂરા સન્માનથી વધાવી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરને 'ગીતાંજલિ' માટે વિશ્વવિખ્યાત નોબલપારિતોષિક પ્રાપ્ત થયું ત્યારે આપણને એ વિશિષ્ટ ભારતરત્નની ખબર પડી.



અધ્યાત્મસન્દર્ભે તો 'તરણા ઓથે ડુંગર'ની વાત સો ટકા સાચી છે. સાધનાપથ પર ડગ માંડતા માનવીનું અંતિમ ધ્યેય કયું? મોક્ષપ્રાપ્તિ અથવા સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર. જીવમાંથી શિવ થવું અથવા સામાન્ય માનવીમાંથી મહાત્મા બનવું એ મનુષ્ય અવતારનો હેતુ છે. પણ તે માટે હિમાલયમાં જવાની કે સંસારનો ત્યાગ કરવાની કોઇ જરૂર નથી. અહીં સ્થળાંતરની નહીં પણ સ્થિત્યંતરની જરૂર છે. કાશી, કાબા કે જેરૂસલમની યાત્રાએ નીકળેલી વ્યક્તિ સંસારની બધી જ માયાને વાંદરીનાં બચ્ચાંની માફક ગળે વળગાડી ફરે તો તેનો કશો અર્થ નથી. આ સ્વસ્વરૂપ અથવા ચિતિશક્તિ અથવા પરમશક્તિ—નામ ગમે તે આપો, અંતે તો હેમનું હેમ હોયે—આ અદૃષ્ટ શક્તિ એકદમ પાસે છે. પણ તરણા ઓથે ડુંગરની જેમ મોહમાયાના આવરણને કારણે આપણે તેનું સાક્ષાત્ દર્શન કરી શકતા નથી.

અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે. પ્રાચીન સમયની વાત છે. એક ઠગ એક શ્રીમંત પ્રવાસીની પાછળ પડયો હતો. તેની લાલચુ નજર પ્રવાસીની કોથળી પર હતી, નાણાં અને સોનામહોરથી ભરેલી કોથળી પર. પેલો પ્રવાસી જ્યાં રાત્રિમુકામ કરતો ત્યાં જ પેલો ઠગ રોકાતો અને રાત્રે શ્રીમંત પ્રવાસીની બધી જ ચીજોને ફેંદી વળતો. પણ પેલી કોથળી મળતી નહીં. આમ દસ દિવસ ચાલ્યું પણ પેલો મુદ્દામાલ હાથમાં આવ્યો નહીં. છેવટે કંટાળીને પેલા ઠગે બે હાથ જોડી પ્રવાસીને પોતાની આપવીતી કહી અને છેવટે વિનંતી કરી,

"તમે તો ગુરુના પણ ગુરુ નીકળ્યા. હું હાર્યો અને તમે જીત્યા. પણ મને કહો કે પેલી કોથળી તમે ક્યાં મુકતા હતા?"

પ્રવાસી હસ્યો. તેણે કહ્યું, "કોથળી તારા માથા નીચે મૂકતો હતો."

"મારા માથા નીચે?"

"હા. કારણકે તું કોથળીની બધે જ તપાસ કરતો પણ તારા ઓશિકા નીચે જોતો જ નહીં અને હું નિશ્ચિતપણે નિદ્રા લેતો."

પરમશક્તિનું પણ એવું જ છે. તે આપણામાં જ નિહિત હોવા છતાં આપણે બહાર શોધવા માટે પ્રયત્ન કરીએ છીએ.

દરેક ધર્મમાં મૂળ તત્ત્વના દર્શનની, સત્યની ઉપલબ્ધિની જ વાત કરેલી છે. એ રીતે સર્વ ધર્મો મૂળ ધ્યેયની બાબતમાં એક-સમાન છે, માત્ર તેને પામવા માટેનાં માધ્યમો જુદાં જુદાં છે એટલું જ. કબીરની જ્ઞાનાશ્રયી નિર્ગુણધારા, સૂફીઓની પ્રેમાશ્રયી નિર્ગુણધારા, વૈષ્ણવોની પ્રેમલક્ષણા સગુણધારા, તુલસીદાસ વગેરેની રામાશ્રયી સગુણધારા–વગેરે વિવિધ ધારાઓ અંતે તો તત્ત્વાનુભવ કેમ સહજ બને તેનો જ બોધ કરે છે. મકાન તૈયાર થઈ જાય છતાં પાલખને વળગી રહેવાની કોઈ ચેષ્ટા કરે તેમ ક્યારેક સાધક સાધનોના ખખડાટમાં ખોવાઈ જાય છે અને બિચારો બેબાકળો બની અંધકારમાં વ્યર્થ ફાંફા મારે છે. પણ જો તેને સદ્ગુરુનો સ્પર્શ થાય તો તરત જ સમજાઈ જાય છે– 'તરણા ઓથે ડુંગર રે.'

આકાશવાણી અમદાવાદ–વડોદરાના સૌજન્યથી.



શ્રી રામકૃષ્ણ પરમહંસની

# બાળલીલાઓ

સ્વામી વ્યોમાનંદજી

(તેઓના લેખ ઉપરથી સંકલન)

ગદાધર (રામકૃષ્ણદેવનું બાલ્યકાળનું નામ) સ્ત્રીઓના હાવ-ભાવની તથા અવાજની આબેહુબ નકલ કરી શકતો એટલું જ નહીં, કેટલીક વાર તો કેવળ વિનોદની ખાતર એ પનિહારીનો સ્વાંગ ધારણ કરીને બીજી સ્ત્રીઓની સાથે ભળી જઈને ગામની બહાર મોટા તળાવ હાલદાર પુકુરે પાણી ભરવા જતો. એ વખતે પોતાને જન્મથી ઓળખનારા લોકોને પણ એ થાપ ખવરાવી દેતો! તેઓ ભાગ્યે જ આ 'પનિહારી'ને ઓળખી શકતા! ગદાધરની આ શક્તિનો પરિચય આપતો એક સમૂજભર્યો પ્રસંગ આ પ્રમાણે છે.

સીતાનાથ પાઈન નામના એક સજ્જન ખુદીરામ (શ્રી રામકૃષ્ણના પિતા) ના ઘરની પાડોશમાં જ રહેતા હતા. સાત દીકરાઓ અને આઠ દીકરીઓનો વિશાળ પરિવાર ધરાવતા આ પાડોશીને ત્યાં ચંદ્રાદેવી (રામકૃષ્ણદેવનાં માતાજી) અવારનવાર જતાં. તેમની સાથે ગદાધર પણ ત્યાં જતો. એ ઘરમાં સૌની સાથે ખૂબ જ પરિચિત હતો. ક્યારેક તો એ ઘરમાં પૌરાણિક કથાઓ કહેવામાં એ કલાકો કાઢી નાખતો. આ સીતાનાથ પાઈનના પડોશી દુર્ગાદાસ પાઈન પરદાના રિવાજના ચુસ્ત હિમાયતી હતા. એમને તેનું અભિમાન હતું કે પોતાના અંતઃપુરમાં બહારના કોઈ પુરુષે કદી પણ પગ મૂક્યો નથી. એમને અભિમાનપૂર્વક આવું કહેતાં

એક દિવસ ગદાધર સાંભળી ગયો, એટલે એણે દુર્ગાદાસને કહ્યું કે કેવળ સારા સંસ્કાર અને ઈશ્વરભક્તિથી જ સ્ત્રીઓના શીલની રક્ષા થઇ શકે, તેમનેં પરદામાં પૂરી રાખવાથી નહીં અને આમ અભિમાન રાખો છો, પણ આપને જોવું હોય તો આપના અંતઃપુરમાં હું સહેલાઇથી જઇ શકું!

દુર્ગાદાસે કહ્યું : "એ વાત અશક્ય છે."

ગદાધરે કહ્યું : "ભલે ત્યારે, જોઇશું." એમ કહીને એ હસતો હસતો ત્યાંથી ચાલ્યો ગયો.

એ બનાવને થોડા દિવસો વીતી ગયા. એક દિવસ સાંજે દુર્ગાદાસ પોતાના મિત્રો સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે એક સાવ ગરીબ સ્ત્રી ત્યાં આવી. હાથમા છાબડી અને મોં આડે લાંબો ધુમટો તાણીને એ સ્ત્રી ઉભી રહી. મલાજાપૂર્વક એણે કહ્યું. "હું પડખેના ગામની એક વણકર સ્ત્રી છુ. ગુજરીમાં સૂતર વેચવા માટે આવી હતી. મારી સાથેની સ્ત્રીઓ મને મૂકીને ચાલી ગઇ છે. મોડું થઇ ગયું છે. હવે એકલી ઘેર કેમ જાઉં? આપને ત્યાં એક રાત પડી રહેવા દો." દુર્ગાદાસે થોડા પ્રશ્નો પૂછીને એને અંદર જઇને સ્ત્રી વર્ગને મળવાનું કહ્યું, એટલે એ સ્ત્રી અંતઃપુરમાં ચાલી ગઇ. ઘરની સ્ત્રીઓએ એ વણકર સ્ત્રી સાથે વાતચીત કરીને રાતવાસો કરવાની રજા આપી, તથા મમરા વગેરેનો નાસ્તો આપ્યો.

નાસ્તો અને વાતચીત કરતાં કરતા બે ત્રણ કલાક ચાલ્યા ગયા. દરમિયાનમા ચંદ્રાદેવીને ગદાધરની કંઇક ખાસ જરૂર પડી એટલે એમણે પુત્ર રામેશ્વરને આજુબાજુ તપાસ કરવા માટે મોકલ્યો. સીતાનાથને ઘેર પણ ગદાધરને એણે ન જોયો. ત્યારે



રસ્તામાં ગદાધરના નામની બૂમો પાડીને એ તેને બોલાવવા લાગ્યો. જેવો એ દુર્ગાદાસના ઘર પાસેથી પસાર થયો કે તરત જ પોતાની બૂમના ઉત્તરરૂપે એણે અવાજ સાંભળ્યો. "આવું છું ભાઇ!" અંતઃપુરમાં પોતાની વચ્ચે આવીને બેઠેલી આ અપરિચિત સ્ત્રી ગદાધર છે, એ જાણીને પાઇનના અંતઃપુરની સ્ત્રીઓ તો હસી હસીને ઢગલો થઇ ગઇ. દુર્ગાદાસબાબુ પણ પ્રથમ તો ભોંઠા પડી ગયા, પરંતુ પછી એમણે આ ઘટના પાછળ રહેલા વિનોદની કદર કરી અને ગદાધરને શાબાશી આપી. આ ઘટના બન્યા પછી દુર્ગાદાસના ઘરની સ્ત્રીઓ ગદાધરની હાજરીથી કશો જ સંકોચ અનુભવતી નહીં, તથા તેને ઘેર જવામાં અચકાતી નહીં. એ આખું કુટુંબ ગદાધરનું ભક્ત બની ગયું, એમ કહીએ તોય ચાલે.

કૃષ્ણભક્તિના વિચારોમાં જ્યારે એ ઘણી વાર તલ્લીન બનતો ત્યારે એને એવો ભાવ થઇ આવતો કે પોતાને સ્ત્રીશરીરમાં જન્મ મળ્યો હોત તો કેવું સારું થાત! એ ભાવની ઉત્સુકતામાં કેટલીક વાર એ વૃંદાવનની ગોપીનો સ્વાંગ સજીને પાઠ ભજવતો, અને એ વખતે એ પોતાની જાતને પણ ભૂલી જતો!

* * *

ગદાધર નિશાળે તો જતો જ હતો, પરંતુ કથાકીર્તન સાંભળવાં, દેવદેવીઓની માટીની મૂર્તિઓ બનાવવી વગેરે તેને વધારે ગમતું. એ ઉપરાંત તેના મનનું વલણ હવે એક બીજી બાબત તરફ વળ્યું હતું. ગામના અગ્નિખૂણામાં જગન્નાથપુરી જવાના રસ્તા ઉપર જમીનદાર લાહાબાબુએ એક ધર્મશાળા બંધાવી હતી. અવારનવાર ફરતાં ફરતાં ગદાધર ત્યાં જઇ ચડતો.

અનેક સાધુસંતો જગન્નાથપુરી જતાં તેમ જ આવતાં વિશ્રાંતિ લેવા ધર્મશાળામાં ઉતરતા અને ગામમાં જઇને ભિક્ષા

માગી આવતા. સંસારની ક્ષણિકતાની વાતો ગદાધરે કથાકારો વગેરે પાસેથી પહેલાં સાંભળી હતી, અને પિતાના મૃત્યુને લીધે એ બાબતમાં પ્રત્યક્ષ અનુભવ પણ થયો હતો. સાધુસંતો ક્ષણભંગુર સંસારનો ત્યાગ કરીને ભગવાનનાં દર્શન કરવાની આશાથી સાધના કરે તથા સેવાઓનો સત્સંગ મનુષ્યને શાંતિ આપીને કૃતાર્થ કરે, એવી વાતો તેણે પુરાણીઓ પાસેથી સાંભળી હતી. આથી પેલી ધર્મશાળામાં સાધુસંતોના સમાગમમાં આવવાની ઇચ્છાથી તે અવારનવાર જવા લાગ્યો.

સાધુસંતો સવારે અને સંધ્યાકાળે સળગતી ધૂણીની સામે બેઠા બેઠા ધ્યાનમાં મગ્ન રહે છે, ભિક્ષા માગીને આણેલું ખાઇ પોતાના ઇષ્ટ દેવતાને અર્પણ કરીને પછી આનંદથી એ પ્રસાદ લે છે. ઘણા પીડાકારી રોગથી કષ્ટ પામતા હોય ત્યારે પણ એક ઈશ્વરનું જ અવલંબન રાખીને હિંમતથી દુઃખ સહન કરતા હોય છે. પોતાને કોઇ વસ્તુની અતિશય આવશ્યકતા હોવા છતાં તે માટે કોઇને પણ તકલીફ આપતા નથી. તો ક્યારેક વળી સાધુનો વેશ ધારણ કરીને ઢોંગી લુચ્ચાઓ પોતાનો સ્વાર્થ સાધવા સારુ કેવું નિંદનીય આચરણ કરતા હોય છે, વગેરે બધું ત્યાં ગદાધરના જોવામાં આવતું. આથી કોઇ સાચા સાધુસંતોને જોતો એટલે ગદાધરને તેમને માટે પીવાનું પાણી ભરી લાવવું, રસોઇ માટે લાકડાનું બળતરણ આપવું, વગેરે નાનાં નાનાં કામોમાં મદદ કરીને તેમની સાથે ઘણો જ હળીમળી જવા લાગ્યો. સાધુઓ પણ આ નાના બાળકના મધુર વ્યવહારથી પ્રસન્ન થઇને તેને ભજનો શીખવતા, જુદી જુદી રીતે સદુપદેશ આપતા, તથા પ્રસંગોપાત્ત પોતે માગી લાવેલી ભિક્ષાની પ્રસાદીમાંથી થોડોક ભાગ બાળકને પણ આપીને તેની સાથે ભોજનનો આનંદ માણતા. ખાસ કરીને



જે સાધુઓ કોઇ કારણસર લાંબો સમય ધર્મશાળામાં રહેતા, તેમની સાથે ગદાધર આમ ખૂબ હળીમળી જતો.

એક વખત કેટલાક સાધુઓ એ ધર્મશાળામાં ઘણા દિવસો સુધી રોકાયા. તેઓ બહુ જ મિલનસાર હતા, પૂજા, પાઠ, જપ, ધ્યાન વગેરેમાં ઘણા જ નિયમિત હતા. ગદાધરને તેમની સાથે પરિચય થયો. તેમની ભક્તિભાવભરી પૂજાથી રાજી થઇને ગદાધર તેમની સાથે હળી ગયો. પ્રથમ તો આ બાબતની ઘરનાં કોઇને ખબર ન પડી, પણ જ્યારે ગદાધર કોઇ વખત ખૂબ પ્રસાદ જમીને આવે અને ઘેર કાંઇ ખાય નહિ ત્યારે ચંદ્રાદેવી પૂછે એટલે તે જવાબ આપતો "ધર્મશાળામાં બાવાજીએ ખૂબ પેટ ભરીને પ્રસાદ ખાવા આપ્યો હતો." આવું સાંભળી મા બિચારી રાજી થતી કે નાના છોકરા પર સાધુસંતોની કૃપા તો મોટા આશીર્વાદરૂપ છે. એથી ગદાધરની સાથે ત્યાં ઠાકોરજીને ધરાવવા ખાવાપીવાની અનેક ચીજો પણ તેઓ મોકલવા લાગ્યાં. પણ પછી જ્યારે ગદાધર કોઇ દિવસે આખે શરીરે ભસ્મ ચોળીને, કોઇ દિવસ તિલક કરીને, તો કોઇ દિવસ પોતાની ધોતલી ફાડીને સાધુની માફક કૌપીન પહેલીને ઉપર કપડું ઓઢીને ઘેર આવીને માતા સામે ઊભો રહીને કહે કે, "મા! જુઓ બાવાજીએ મને કેવો વેશ પહેરાવ્યો છે?" ત્યારે ચંદ્રાદેવીને મનમાં શંકા થવા લાગી કે ક્યાંક આ બાવાઓ મારા દીકરાને કોઇક દિવસ ફોસલાવીને ઉપાડી તો નહિ જાય ને? એ શંકા તેમણે એક દિવસ ગદાધરને કહી, તે સાથે તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. ગદાધરે ઘણું સમજાવ્યાં છતાં તેમનું મન કોઇ રીતે માન્યું નહિ. આથી ગદાધરે કહ્યું, "મા! હવેથી હું એ સાધુઓ પાસે નહી જાઉં, પણ એક વાર મારે એમને જઇને કહી આવવું જોઇએ."

એમ કહીને એ પેલા સાધુઓની રજા લેવા ગયો. પેલા સાધુઓએ એમ કરવાનું કારણ પૂછ્યું એટલે પોતાની માતાના મનમાં જે શંકા આવી હતી તે તેણે કહી જણાવી. એ સાંભળતાં જ તેઓ પૈકી બે પીઢ સાધુઓ ગદાધર સાથે ચંદ્રાદેવી પાસે ગયા અને તેને ખૂબ ખૂબ સમજાવીને કહ્યું, "મૈયા! ગદાધરને ઉઠાવી જવાનો વિચાર સરખોય અમારા મનમાં કદી આવ્યો નથી. વળી માતા–પિતાની રજા વિના નાની ઉંમરના બાળકને ઉપાડી જવો એ તો સાધુને ન છાજે તેવું મહાપાપ છે!" એ પછી ચંદ્રાદેવીના મનમાં શંકા ન રહી. તેમણે ગદાધરને સાધુઓ પાસે જવાની છૂટ આપી.

આ સાધુ સમાગમનુ એક ફળ એ આવ્યું કે ગદાધરની ધ્યાનમય થવાની શક્તિ અને ભાવસમાધિ જેવી અવસ્થામાં વધારો થયો. પેલી સાધુઓની મંડળી ત્યાંથી વિદાય થઇ ગયા બાદ કેટલેક દિવસે ગામની સ્રીઓ સાથે કામારપુકુરથી એક ગાઉ દૂર આનુડની વિશાલાક્ષી દેવીનાં દર્શને જતાં જતાં રસ્તામાં દેવીનાં કીર્તન, કથા વગેરે સાંભળતાં ગદાધર બેશુદ્ધ થઇ ગયો. તે સ્રીમંડળીમાં અતિ પવિત્ર હૃદયની ધર્મદાસ લાહાની દીકરી પ્રસન્ના પણ સાથે હતી. તે સમજી ગઇ કે ગદાધરની આ સ્થિતિ દેવીના ચિંતનથી થયેલી ભાવસમાધિ છે. આ વિચારથી તેણે દેવીના નામનુ તેના કાનમાં ઉચ્ચારણ કર્યું એટલે થોડીક વાર પછી ગદાધર પાછો ભાનમાં આવ્યો.

* * *

કામારપુકુરના કેટલાક લોકો કોઇ અકળ રીતે ગદાધરનાં જન્મથી જ તેની મહત્તા સમજ્યા હતા એવા ભાગ્યશાળી



આત્માઓમાં એક શ્રીનિવાસ નામનો, શંખની બંગડીઓ બનાવીને ગુજરાન ચલાવનારો ફેરિયો હતો. આ માણસની પવિત્રતા અને આધ્યાત્મિકતા ઘણી ઉચ્ચ કોટિએ પહોંચેલી હતી. ગદાધર સાથે ભાગવત વિષે ઉત્સાહપૂર્વક ચર્ચા કરતાં ઘણી વાર એ ગદ્‌ગદ્ થઇ જતો. ગદાધર ઉપર એને ખૂબ જ પ્રીતિ હતી.

* * *

એક દિવસ શ્રીનિવાસ પૂજા માટે હાર ગૂંથી રહ્યો હતો. એ વખતે ગદાધર ત્યાં આવી ચડયો, કોણ જાણે શ્રીનિવાસના મનમાં શો ભાવ જાગ્યો કે તરત જ એ જઇને બજારમાંથી મીઠાઇ ખરીદી લાવ્યો અને ગદાધરને એક એકાંત સ્થળે લઇ ગયો. આજુબાજુ કોઇ નથી એવી ખાત્રી કરીને એણે ગદાધરની પૂજા કરી, હાર પહેરાવ્યો તથા સ્વહસ્તે મીઠાઇ આરોગાવી. એની આંખોમાંથી હર્ષાશ્રુનો પ્રવાહ ચાલ્યો. લાગણીથી રૂંધાઇ ગયેલી વાણીમાં એ કહેવા લાગ્યો "હું તો હવે વૃદ્ધ થયો છું, અને મારો અંત નજીક છે એવું મને લાગે છે, એટલે હે પ્રભુ! આ જગતમાં જે અદ્‌ભુત કાર્યો કરવાના છો તે જોવા માટે જીવતા રહેવાનું સદ્‌ભાગ્ય મારું તો નહીં હોય, અને તેથી ભગવન્! અત્યારે જ હું આપની પૂજા કરીને ધન્યતા અનુભવું છું!

* * *

ગદાધરે એક નાટકમંડળી ઊભી કરી હતી. રામાયણ, મહાભારતમાંથી અનેક પ્રસંગો આ મંડળી ભજવતી. ગદાધર તેમા મુખ્ય નાયકનું પાત્ર ભજવતો. રાધા–કૃષ્ણના જીવનપ્રસંગો પણ એમને ખૂબ ગમતા. વેણુનાદ ગજવતા શ્રીકૃષ્ણનો અને પ્રિયવિરહથી વ્યાકુળ બનતી રાધાનો, એમ બંને પાત્રો એ

કુશળતાપૂર્વક ભજવી શકતો. અને ત્યારે ભાવસમાધિઓના પ્રસંગો પણ અનેક વખત આવતા.

ગામના છોકરાઓને ગદાધરની સોબત ખૂબ ગમતી. માણિકરાજાએ સાર્વજનિક ઉપયોગ અર્થે ભેટ આપેલ આંબાવાડિયું આ બાળમંડળીનું પ્રિય સ્થાન હતું. દિવસનો ઘણોખરો ભાગ તેઓ રમતા. પોતાની મિત્રમંડળીને સંકીર્તનનો નાદ પણ એણે લગાડયો હતો. એ વેળા આખુંયે આંબાવાડિયું સમૂહગાનથી ગાજી રહેતું. આ બધું કરવા માટે એ છોકરાઓ અવાર–નવાર પાઠશાળામાં ગેરહાજર રહેતાં. એક દિવસ પાઠશાળાના શિક્ષકે આ વાતનો તાગ મેળવવા બધા છોકરાઓને બોલાવ્યા, અને કોની આગેવાની નીચે આ બધું થઇ રહ્યું છે એની પૂછપરછ કરી. સૌએ ગદાધરને આગળ કર્યો. એટલે શિક્ષકે આંબાવિડિયામાં એ મિત્રમંડળી જે કંઇ કરતી તે પોતાની સમક્ષ ભજવી બતાવવાની આજ્ઞા કરી. ગદાધરે સૌ મિત્રો સાથે સંકીર્તન શરૂ કરી દીધું. મધુર સ્વરે થતું એ સંકીર્તન સાંભળ્યા પછી પ્રસન્ન થયેલા એ શિક્ષકે છોકરાઓને સજા કરવાનું માંડી વાળ્યું.

* * *

*** સદ્‌ભાવભરી સહાય ***

ડીસેમ્બર, ૧૯૯૨ માં અધ્યાત્મ માસિકને રૂા. ૩૨૨ ની સદ્‌ભાવભરી સહાય મળી છે. નાની મોટી સહાય મોકલનાર સહુને અભિનંદન.

— તંત્રી



# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

મંદોદરીના લાગણી તથા સ્નેહથી ભરેલા શબ્દો સાંભળીને સીતા પણ લાગણીવશ થઇ ગઇ.

એની આંખમાંથી બેચાર અશ્રુબિંદુ ટપકી પડયાં.

એ ધીમા સ્વરે બોલી : 'તારી મારે માટેની ભાવના તથા લાગણી જોઇને મારું હૃદય ગદ્‌ગદ્ બને છે. તારા દિલમાં તો મારે માટે મમતાનો ભાવ છે જ, તેમાં વળી વિભીષણનો વિશુદ્ધ ભાવ ભળી ગયો છે. એટલે મારે માટે તો સોનામાં સુગંધ જેવું થયું છે. આટલે દૂર આવીને હુ તમારા સરખા સ્વજનો મેળવી શકી એ મારે માટે મોટા સંતોષની વાત છે. પરંતુ ક્યાં છે મારા રામ? ક્યાં છે લક્ષ્મણ? એમની મૂર્તિ મને ક્યાંય નથી દેખાતી. રામની મનહર મૂર્તિ મારા અંતરમાં અને અણુએ અણુમાં રમ્યા કરે છે. છતાં પણ મારે તો રામનો સહવાસ જોઇએ. એના વિના મને જરા પણ શાંતિ નહિ મળી શકે. રામને મળવા માટે મારું અંતર અધીરું બની ગયું છે.'

'છતાં પણ એને થોડું જ શાંત રાખવું પડશે.' મંદોદરીએ કહ્યું : 'આ કાળ ભારે અગ્નિપરીક્ષાનો અથવા કસોટીનો છે એટલે એ વેદનાજનક અને અશાંતિકારક તો હોય જ. પરંતુ આ અગ્નિપરીક્ષામાંથી તું સફળતાપૂર્વક પાર ઊતરીશ. તારી આ કપરામાં કપરી કસોટી પૂરી થશે, અને તારી બધી જ વેદના તથા ચિંતાનો અંત આવશે. જે રામને માટે તું આતુર છે તે રામ તને જરૂર મળશે.'

'મારું અંતર પણ એવું જ કહી રહ્યું છે.' વિભીષણ બોલ્યો, 'મારી

જમણી ભુજા તથા જમણી આંખ અત્યારે ફરકી રહી છે એ એની સાક્ષી પૂરે છે.'

'તમે મને કેવળ આશ્વાસન આપી રહ્યા છો કે શું? સીતાએ સહજ ભાવે પૂછી નાખ્યું.

'ના. એકલું આશ્વાસન નથી આપી રહ્યો, પરંતુ મારા વિશ્વાસને પ્રકટ કરી રહ્યો છું. રામની શક્તિમાં મને વિશ્વાસ છે. એ રામ તમને ગમે તેમ કરીને પણ શોધી કાઢશે ને ફરીથી મેળવી લેશે. એમનો સુખદ સહવાસ તમને જરૂર મળશે. મને તો એમાં સહેજ પણ શંકા નથી થતી.'

સીતાએ કહ્યું : 'મને પણ રામની શક્તિમાં વિશ્વાસ તો છે જ. મને શોધી કાઢવા માટે એ આકાશપાતાળ એક કરશે અથવા એમનાથી બનતું બધું જ કરી છૂટશે એવું હું નિશ્ચયપૂર્વક માનું છું. છતાં પણ વિરહનો આ વચગાળાનો વખત મને ખૂબ જ કપરો લાગે છે, એને કેમે કરીને પસાર નથી કરી શકતી.'

'એ વખત પણ જોતજોતામાં પસાર થઈ જશે.' મંદોદરી સાંત્વનના સુધામય સ્વરમાં બોલી ઊઠી : 'રામનો વિરહ કપરો લાગે એ સ્વાભાવિક છે, છતાં પણ એને નાહિંમત બન્યા વગર સહન કર્યે જ છૂટકો છે. બીજો કોઈ જ ઉપાય નથી દેખાતો.'

'રામની મધુમય મૂર્તિને હૃદયમાં રાખીને તથા રામને તથા રામની સાથેના પ્રસંગોની સ્મૃતિ કરીને મારા જીવનનો વર્તમાન વખત વિતાવી રહી છુ. મારા મનને રામની સ્મૃતિ વિના ક્યાંય ચેન નથી પડતું કે જીવન નથી મળતું.'

'પૃથ્વી પોતાની સ્થિરતા છોડે, સૂર્ય ને ચંદ્ર ચમકતા બંધ થાય, ને સાગર પોતાની સ્વભાવસહજ ખારાશ છોડીને મીઠાશને ધારણ કરે તો પણ રામ તને મળ્યા વિના નહિ રહે. એ તને મેળવવા માટે પ્રયાસ કરશે જ અને એમાં એ સફળ થશે. સત્યને આરંભમાં આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે, પરંતુ આખરે એ વિજયી બને છે. એવી રીતે તારો વિજય પણ થશે જ. રામને માટેનો તારો પવિત્ર પ્રેમ ફળશે જ. મારી વિનંતી એટલી જ છે કે, તું તારા શરીરનું ધ્યાન રાખતી રહે.'



'શરીરનું ધ્યાન કેવી રીતે રાખું? મારી સમસ્ત ચિત્તવૃત્તિ એકમાત્ર રામમાં જ રમ્યા કરે છે. મને બીજું કાંઈ રુચતું જ નથી.

'તોપણ વધારે ને વધારે દુઃખી થઈને શરીરને સૂકવી ના નાખતી.'

'શરીર સુકાઈ જાય તો પણ શું? રામ વિનાનું જડ શરીર પડી જાય તોપણ મને તેની પરવા નથી.'

'એવો વિચાર ભૂલેચૂકે પણ ના કરતી. બીજા કોઈને માટે નહિ તો રામને માટે પણ તારે તારા શરીરની સંભાળ રાખવી જોઈએ. આ શરીરદ્વારા રામની સેવા કરવાની છે એવું સમજીને એના તરફ જરા પણ ઉદાસીન ના રહેતી.'

સીતા શાંત જ રહી.

થોડોક વખત કોઈ કશું ના બોલ્યું.

છેવટે ચારે તરફ છવાયેલી એ શાંતિનો ભંગ કરતાં વિભીષણે કહ્યું : 'રામના દર્શનની મારી ઇચ્છા તો જ્યારે પૂરી થશે ત્યારે ખરી, પરંતુ તમારું દર્શન થઈ શક્યું એને પણ મારા જીવનનો એક મોટો, મહામોંઘો લહાવો ગણું છું. તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો. તેમને જોઈને મારાં લોચન કૃતાર્થ થયાં. તમારા સુંદર ભાવો તથા પવિત્ર પદરજથી લંકાની ભૂમિ પાવન થઈ. દુઃખ એક જ વાતનું છે કે તમે અત્યારે બંધનમાં છો. એ બંધન વહેલી તકે તૂટે એવી આશા રાખું છું. રાવણ જો કે કોઈની શિખામણ માને તેવો નથી છતાં પણ એને સમજાવવાનો પ્રયાસ કરી જોઈશ. અને સમજાવ્યા છતાં એ નહિ માને તો વિધાતા એને મનાવશે. તમારી વેદના તથા પ્રાર્થના નિષ્ફળ નહિ જાય.'

વિભીષણ અને મંદોદરી ચાલી નીકળ્યાં, એટલે સીતાની દશા વધારે કરુણ બની ગઈ.

એ નિસ્સંકોચ બનીને રડવા માંડી.

ત્રિજટાએ એને શાંત રાખવાના કેટલાય પ્રયાસો કરી જોયા પરંતુ એ પ્રયાસો નિષ્ફળ નીવડયા.

ત્રિજટા તરફથી આપવામાં આવતા આશ્વાસનના અનુસંધાનમાં સીતાએ કહ્યું : 'આના કરતાં તો મારું શરીર શાંત થઇ જાય તો સારું; પરંતુ એને માટે પણ ભાગ્ય જોઇએ ને? મૃત્યુ કાંઇ ભાગ્ય વિના મળે છે? મારું ભાગ્ય એવું ઊલટું છે કે મૃત્યુને પણ મારી દયા નથી આવતી.'

'હજુ તો તારે ઘણું લાંબુ જીવવાનું છે.' ત્રિજટા બોલી : 'મૃત્યુને હજુ ઘણી વાર છે. એ કાંઇ એટલું વહેલું નથી આવવાનું.'.

'રામ વિનાનુ જીવન એક રીતે જોતાં મૃત્યુરૂપ જ છે. આવા જીવન કરતાં તો સાચું મૃત્યુ હજાર દરજ્જે સારું.'

'પરંતુ એ કાઇ કોઇના હાથમાં છે? એ તો અત્યારે રામના વિયોગને લીધે એવું લાગી આવે છે પણ પાછળથી રામનો સંયોગ થશે ત્યારે જીવન ઉત્સવરૂપ બની જશે. એ વખતે મૃત્યુનું નામ લેવાનું પણ નહિ ગમે.'

'પરંતુ એવો સોનેરી સમય ક્યારે આવશે? રામનો સંયોગ ક્યારે થશે?'

'થોડા વખતમાં જ થઇ રહેશે.'

'હજુ થોડો વખત?'

'હા, થોડો વખત તો રાહ જોવી પડેને?'

'મારું હૃદય હવે વધારે રાહ જોઇ શકશે?'

લાંબા વખત લગી સીતા એવો વિવિધ વિલાપ કરતી રહી.

મંદોદરીએ અશોકવાટિકામાંથી બહાર નીકળતી વખતે વિભીષણને કહ્યું: 'સીતાની અસાધારણતાનો ખ્યાલ આવી ગયો ને?'

( ક્રમશઃ )

# * સ્થિર બુદ્ધિની આવશ્યકતા *

જીવનમાં અનેક આઘાત અને પ્રત્યાઘાત આવ્યા કરે છે. હર્ષ ને શોક, લાભ ને હાનિ, નિંદા ને સ્તુતિ, સંપત્તિ અને વિપત્તિ તથા સુખ અને દુઃખનાં જુદાં જુદાં મોજાંઓ જીવનના સાગરમાં ઉછળ્યાં કરે છે. જીવનની શાંતિનો ભંગ કરીને જીવનને ખળભળાટથી ભરી દેવાનો પ્રયાસ કરે છે. પરંતુ સમબુદ્ધિવાળો સાધક એનાથી ડરતો નથી. તેની સ્થિરતા અને દૃઢતા અજબ હોય છે. તે સ્થિરતા ઢાલનું કામ કરે છે. તેમ જ જીવનનાં પ્રલોભનો તેમ જ પ્રહારની સામે તેની રક્ષા કરે છે. જીવનના આનંદને અનુભવવા માટે બુદ્ધિની સ્થિરતા ખૂબ જરૂરી છે. તેને મેળવવામાં વિવેક બહુ મોટો ભાગ ભજવે છે. સાધકે મન અને બુદ્ધિને સ્થિર કરવા તરફ ખાસ ધ્યાન આપવું જોઇએ. તેની સાધના ગમે તેવી હોય, તેની ઉપાસનાનો પ્રકાર પણ ગમે તેવો હોય, તે દ્વારા બુદ્ધિની સ્થિરતા થાય છે કે નહિ તે વાત ખાસ જોવા જેવી છે.

પથ્થર જડ છે, પરંતુ માણસ વિવેકી છે. ઈશ્વરે તેને વિવેકની મહામોંઘી શક્તિનુ દાન કર્યું છે. તે વિવેકનો ઉપયોગ કરીને તેણે સ્થિરતાની પ્રાપ્તિ કરવાની છે. માણસો જુદી જુદી જાતની સાધના કરે છે. મંત્ર, જપ, તપ, યજ્ઞ કે અનુષ્ઠાન કરે છે. પણ આ મહત્ત્વની વાત મોટે ભાગે ભૂલી જાય છે. મનની ચંચળતા પર તે કાબૂ કરતા નથી. એવી સાધનાથી શું વળે? ગીતામાતાની સૂચના પ્રમાણે મનબુદ્ધિને શુદ્ધ, પવિત્ર, અને સ્થિર કરવાની જરૂર છે.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * સંયમનો સાચો આનંદ *

મન ને ઈન્દ્રિયોનો સંયમ પણ બહુ મહત્ત્વનો છે. તેના તરફ સાધકે ખાસ ધ્યાન આપવું જોઈએ. સાધના કે ભક્તિના નામે મન ને ઈન્દ્રિયોના વિલાસમાં નહિ પડાય ને છેવટે ભાન ભૂલાય નહિ તે માટે તેણે સાવધ રહેવું જોઈએ. શરીરના રથને ઈન્દ્રિયોના ઘોડા જોડેલા છે. તેમને જો છૂટા મૂકી દેવામાં આવે, અને વિષયોના વનમાં ફરવા દેવામાં આવે, તો તે શું કરે ને ક્યાં જઈને અટકે તે કહેવાય નહિ. શરીરને તે બેહાલ બનાવી દે, તે અંદર બેઠેલા જીવાત્માને જોખમમાં મૂકી દે. જીવનના આનંદમાં તેથી ભંગ પડે, અંતરાય આવે ને જીવનનો વિકાસ અટકી જાય. માટે જ તેના ઉપર કાબૂ કરવાની જરૂર છે. ખૂબ ધીરજ, શ્રદ્ધા અને હિમ્મતથી તેમને વશ કરવાની જરૂર છે. ઈન્દ્રિયોના અતિશય વિલાસથી કોઈને સુખ મળી શકતું નથી. આજ સુધી કોઈને પણ સુખ મળ્યું નથી. તેથી શક્તિનો નાશ થાય છે, અકાળે ઘડપણ આવે છે, ને બીજા કેટલાક વ્યાધિ થાય છે.

એથી ઉલટું શક્તિનો નાશ ના કરવાથી ને તેની સાચવણી કરવાથી કેટલો બધો આનંદ આવતો હશે તેનો વિચાર તો કરો. છતાં મોટા ભાગના માણસો મૃગજળ જેવા નકલી આનંદની પાછળ પડી રહ્યાં છે. અસલી આનંદનો ત્યાગ કરીને નકલી આનંદમાં જ રમી રહ્યાં છે, એ વાત સાચી છે. સંસારનું નિરીક્ષણ કરવાથી એ વાત સહેજે સમજાય છે. સાધારણ માણસો જ નહિ, પરંતુ પંડિતો, ભક્તો, કથાકારો, રાજપુરુષો કે સાધકો પણ નકલી આનંદની પાછળ પડે છે, એ જોઈને આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧